૪૬૫૫

અવસ્તા તથા પેહલવી કેતાબોમાં જનાવરો વિષે મલતું વર્ણન અને તેનો બીજા ધર્મોમાં મલતી એને લગતી બાબદો સાથનો મુકાબલો.

નામદાર સર જમશેદજી જીજીભાઈ જરથોશ્તી
મદ્રેસાનો ઇસ્વી સન ૧૮૯૦ માં માગેલો
ઈનામનો રેસાલો.

લખનાર
ધનજીભાઈ નવરોજજી કુરલેવાલા
તે સર જ. જી. જરથોશ્તી મદ્રેસાના અભ્યાસી તથા
વોહુમનો એટલે બેહેમનના કર્તા.

મુંબઈ.
ફોર્ટ પ્રીંટીંગ પ્રેસમાં છાપ્યો છે.

યજદેજરદી સને ૧૨૬૦.
ઈસવી સને ૧૮૯૧.

કીમત ૬ આના.

૪૬૫૫

અવસ્તા તથા પેહલવી કેતાબોમાં જનાવરો વિષે મલતું વર્ણન અને તેનો બીજા ધર્મોમાં મલતી એને લગતી બાબદો સાથનો મુકાબલો.

નામદાર સર જમશેદજી જીજીભાઈ જરથોસ્તી
મદ્રેસાનો ઈસવી સન ૧૮૯૦ માં માગેલો
ઈનામનો રેસાલો.

લખનાર
ધનજીભાઈ નવરોજજી કુરલેવાલા
તે સર જ. જી. જરથોસ્તી મદ્રેસાના અભ્યાસી તથા
વોહુમનો એટલે બેહેમનના કર્તા.

મુંબઈ.
ફોર્ટ પ્રીંટીંગ પ્રેસમાં છાપ્યો છે.

યજદેજરદી સને ૧૨૬૦.
ઈસવી સને ૧૮૯૧.

કીમત ૬ આના.

આ રેસાલો "સર જમશેદજી જીજીભાઈ ટ્રાન્સલેશન ફંડ" ના
માનવંત ત્રસ્ટી સાહેબોના આશરા હેઠલ છપાવ્યો છે.

અવસ્તા તથા પેહલવી કેતાબોમાં જનાવરો વિષે મલતું વર્ણન અને તેનો બીજા ધર્મોમાં મલતી એને લગતી બાબદો સાથનો મુકાબલો.

પ્રકરણ ૧ લું.

જનાવરોની વહેંચણી—જાનવરી વિધ્યાની ઉતપતિ.

આપણી પૃથવીના સઘળા ભાગોમાં, જ્યાં મનુષ્ય જાતની વસ્તી હોય છે, ત્યાં તેના રક્ષણ તથા ઉપયોગને માટે અનેક જાતના જનાવરો હૈયાતી ભોગવતાં દીઠામાં આવે છે. તે જનાવરો તે ભાગની હવાને લાયેકના તથા ત્યાં વસ્તાં માણસોની જરૂરને અનુસરતાં હોય છે. તેથીજ ગરમ દેશો જ્યાં વસ્તાં માણસોને જાનવરી ખોરાક કરતાં વનસ્પતિક ખોરાક વધારે અનુસરતો થઇ પડે છે ત્યાં ફળફળાદી તથા ભાજીપાલો વધુ પ્રમાણમાં ઉગતો દીઠામાં આવે છે પણ જનાવરો ઘણા નાના કદના અને ખોરાક તરીકે નહી ચાલી શકે એવાં હોય છે. પણ તેથી ઉલટું થંડા દેશોમાં માણસોની સરસ પાચનશકતિ તથા તેઓની મેહેનત કરવાની રીતીને લીધે તેઓને વધુ નક્કર ખોરાકની જરૂર હોવાથી ત્યાં મોટા કદના તથા વધુ ફરખે જનાવરો મળી આવે છે. જે જે દેશોમાં ત્યાંની જમીન, હવા અને ત્યાં વસ્તાં માણસોના ઉપયોગને લીધે ઘણું જોર અને બહુ મહેનત કરવાની શકતિની જરૂર હોય છે તે દેશોના જનાવરો ઘણા કદાવર અને લાંબો વખત કામ કરવાની શકતિ ધરાવનારાં હોય છે. જેમકે યુરોપ અને અમેરીકાના ઘોડા અને બલદો મોટા કદના અને ઘણું કામ કરવાની શકતિ ધરાવનારા હોય છે કે જેટલું કામ ગરમ દેશોમાં જો તેજ જાતના જનાવરો પાસે લેવામાં આવે તો તેઓનો થોડા વખતમાં અંત આવી રહે. વળી ગરમ દેશોમાં જમીન વધુ ફળદ્રુપ હોવાથી જનાવરોને ઘણી મેહેનત ન પડવાથી તે દેશોના જનાવરો ઘણા નાના દકના અને

ઓછું બળ ધરાવનારાં હોય છે ખુદરતની એવી કરાંમતને લીધે દુન્યાના ઘણાક ભાગોમાં જ્યાં માણસોની વસ્તી હોય છે ત્યાં તેઓનાં ઉપયોગ અને ચાકરીને માટે જુદી જુદી જાતનાં ગુણો ધરાવનારા જનાવરો વધતાં ઓછા પ્રમાણમાં આપણને મલી આવે છે.

જાનવરોની ઉપલી વહેંચણીના હેવાલ ઉપરથી, જણાય છે કે આ દુન્યામાં તેઓની પેદાસ કરવામાં અને લાયક ઠેકાણે લાયક જનાવરોની લાયક સંખ્યા પેદા કરવામાં ખુદરતની ઉમદામાં ઉમદી મતલબ સમાયેલીછે, કારણ કે તેઓની હસ્તી વગર મનુષ્યજાત ઘણુંખરૂં નીરાધાર થઈ જતે.

હવે જ્યારે પૃથ્વી ઉપર વસતાં અસંખ્ય પ્રાણીઓ જેવાં કે ચોપગાં પક્ષીઓ, કીડીઓ ઈત્યાદી વિષે આપણે વિચાર કરીએ છીએ ત્યારે તેઓની જુદી જુદી જાતોને યાદ રાખવાનું બહુ મુશકેલ થઈ પડે છે. એવી મુશકેલી ટાલવાને માટે એ અસંખ્ય પ્રાણીઓને કેટલાક ભાગો, વિભાગો અને વર્ગોમાં વહેંચી નાખ્યાથી એવી ચોકસ જાતો અને વર્ગો આપણા ધ્યાનમાં રાખી શકાય છે અને દરેક વર્ગના પ્રાણીઓને સહેલાઇથી પીછાણી શકાય છે. એવી રીતની વેહેચણી કરવાની જરૂર ઘણાજ અસલના વખતથી મનુંષ્ય જાતને પડેલી હોવી જોઇએ કારણ કે અસલના વખતનો નામીચો ફીલસુફ 'એરીસટોટલ' (Aristotle) જનાવરોને બે ભાગો અને કેટલાક વર્ગોમાં વેહેંચી ગયો છે. તેણે જનાવરોને Viviparous અને Oviparous એવા બે ભાગોમાં વેહેચ્યાં હતાં તેમાં Viviparous એટલે જે જનાવરો જીવતાં જનાવરોને જન્મ આપે છે તેઓ અને Oviparous એટલે જે જનાવરો પેહેલાં ઈડાં મુકે છે અને પછી ઇડાંમાંથી બીજા જનાવરો પેદા થાયે છે તેઓ. ત્યાર પછી એ ફીલસુફે જનાવરોની જુદી જુદી રીતભાતો, ખોરાક અને રેહેઠાણના એકમળતાંપણાના પ્રમાણમાં તેઓના કેટલાક વર્ગો બનાવ્યા હતા. એરીસટોટલની એ રીત ૧૭મી સદીની આખેરી સુધી સુધરેલી દુન્યામાં હસ્તી ભોગવતી હતી ત્યાર પછી રે (Ray), લીનીયસ (Linnœus), કુવીયર (Cuvier), બ્લુમન બેક (Blumenbach) અને છેલ્લે દારવીન (Darwin) જેવા વિધ્વાનોની શોધ ખોળ પછી એ જાનવરી વિધ્યા (Zoology) ઘણા સુધરેલા અને નીયમિત પાયા ઉપર આવી છે.

પ્રકરણ ૨ જું

અવસ્તા તથા પેહલવી જમાનાની જાનવરી વિધ્યા.

અવસ્તાના હાલમાં બચી રહેલાં લખાણો પરથી દેખાયે છે કે અવસ્તા જમાનાના લોકોમાં પણ આપણે ઉપર કહ્યું તેમ પ્રાણીઓને કેટલાક ભાગોમાં તેઓની ખાસ્યતો ઈત્યાદીને અનુસરતી રીતે વેહેંચી નાખેલાં હતાં. ફરવરદીન યશ્તના ૭૪) માં ફકરા ઉપરથી તથા વીસ્પરદના પેહેલા કરદાના પેહેલા ફકરા ઉપરથી જણાયે છે કે અવસ્તા જમાનામાં જનાવરોને પાંચ ભાગમાં વેહેંચી નાખેલાં હતાં. તે પાંચ ભાગો નીચે પ્રમાણે હતા;—

(૧) [illegible] (ઉપાપ) એટલે પાણીની અંદર રહેનારા જનાવરો એ 'ઝંદ' બોલ '[illegible]'=અંદર અને '[illegible]'=પાણી ઉપરથી નીકલેલો છે.

(૨) [illegible] (ઉપસ્મ) એટલે જમીનની ઉપર રહેનારા જનાવરો એ ઝંદ બોલ [illegible]=ઉપર અને '[illegible]' જમીન ઉપરથી નીકલેલો છે.

(૩) [illegible] (ફ્રપ્તેરેજાત) એટલે પાંખથી ઉડનારાં એ બોલ ઝંદ ધાતુ ='[illegible]'=આગલ·[illegible]=પાંખ અને [illegible] તે [illegible]= મારવા ઉપરથી નીકલેલો છે.

(૪) [illegible] (રવસ્ચરાત) એટલે ફરાખીથી અથવા છલાંગ મારીને ચાલનારાં જનાવરો એ બોલ ઝંદ ધાતુ '[illegible]' કુશાદગી અથવા ફરાખી અને '[illegible]' ચાલવું ઉપરથી નીકલેલો છે.

(૫) [illegible] (ચંગ્રહંગાચ) એટલે ખડી ઉપર ચાલનારાં જનાવરો. એ બોલ ઝંદ ધાતુ '[illegible]=ખડી અને [illegible]=પુઠે જવું ઉપરથી નીકલેલો છે.

ઉપર કીધેલા ભાગો જોકે જનાવરોની ચાલવાની રીતી અને તેઓના રહેવાના ઠેકાણા ઉપરથી ઠેરવેલા લાગે છે તોપણ અસલી જમાનામાં કીધેલા એ ભાગોને હાલના જમાનાની પુખ્ત ખુદરતી વિદ્યાના જ્ઞાનને આધારે રચાયેલી પ્રાણી વિદ્યાની શરૂઆત તરીકે લેખી શકાયે. હૈયાત અવસ્તા લખાણોમાં જોકે પ્રાણી વિદ્યા વિષે સીલસીલા બંધ બ્યાન મળતું નથી

તોપણ એ લખાણોમાં જે કેટલાંક પ્રાણીઓની ખાસ્યતો, રંગો ઇત્યાદી વિષે તુલોત્વીલ વર્ણન કરવામાં આવ્યું છે તે ઉપરથી અનુમાન કાઢી શકાયે કે તે વખતમાં પણ પ્રાણી વિદ્યાની શરૂઆત થઈ ચુકી હતી. વળી અવસ્તા કરતાં પહેલવી જમાનામાં તો એ વિદ્યા ઘણી પ્રગટી નીકળી હતી તેમાં મુખ્ય કરીને બુનદેહેશ કેતાબમાં તો પ્રાણીઓને કેટલાક ભાગો, વિભાગો, વર્ગો અને જાતોમાં વહેંચેલા દીઠામાં આવે છે.

હવે એ બુનદેહેશ કેતાબના જમાનાની પ્રાણી વિદ્યા તપાસીયે:—

બુનદેહેશ કેતાબના ૧૦) માં તથા ૧૪) માં પ્રકરણના ૩) જા ફકરામાં જણાવ્યા પ્રમાણે જ્યારે 'ગાવ્યોદાદ' (પહેલો પેદા થયેલો ગોધો Primeval ox)[1] આ દુન્યામાંથી ગુજર પામ્યો ત્યારે તેના બુનને 'માહાપાયા' બેહેસ્તમાં લઇ જવામાં આવ્યું હતું જ્યાં ચંદ્રની રોશણીથી પવીત્ર થઈને તેમાંથી ઘણીક જાતનાં જનાવરો ઉત્પન્ન થયાં હતાં. પહેલાં બે બલદો તેમાં એક નર અને બીજી માદા પેદા થયાં હતાં, ત્યાર પછી જુદી જુદી જાતોનું એકેકું જોડકું પેદા થયું હતું. બુનદેહેશનો ઉપલો હેવાલ ઘણોજ વિચીત્ર લાગે છે પણ એમાં આ દુન્યાની જાનવરી પેદાસ ઉપર ચંદ્રની રોશણીની અસરના ઈસારા સીવાયે કાંઇ બીજી સમજણ આપી શકાતી નથી. વલી એ કેતાબ પ્રમાણે જનાવરોને ત્રણ ભાગો (કરદેહ) પાંચ વર્ગો (ખદુઇનાક) અને બસો બ્યાંસી જાતોમાં (સરદેહ) વહેંચી નાખેલાં છે.[2] તેમાં પહેલા ભાગમાં ખીણો અને ખેતરોમાં ઘાસ ચારો ખાનારા જનાવરો, તથા બીજા ભાગમાં પહાડો અને ટેકરીઓ ઉપર ચઢનારાં તથા ઘણીજ ઝડપથી ચાલનારાં જનાવરો તથા ત્રીજા ભાગમાં પાણીમાં રહેનારાં જનાવરો આવેલાં છે. વલી જનાવરોના પાંચ વર્ગો (Genera) નીચે પ્રમાણે છે. પહેલા વર્ગમાં ખડી ફાટેલાં, બીજા વર્ગમાં ગધેડા જેવી ખડીવાળાં, ત્રીજા વર્ગમાં પાંચ આંગળાંવાળાં, ચોથામાં પાંખવાળાં અને પાંચમાંમાં પાણીમાં રહેનારાં. હવે ૨૮૨) જાતોમાં વહેંચાયલાં જનાવરો નીચે પ્રમાણે છે. પાંચ જાતનાં બકરાં, પાંચ જાતનાં મેંઢાં, બે જાતના ઉંટ, પંદર જાતના બળદ, આઠ જાતના ઘોડા, દસ જાતનાં કુતરા, પાંચ જાતનાં સસલાં, પાંચ જાતનાં નોળીઆ, આઠ જાતનાં કસ્તુરી ધરાવનારાં જનાવરો, એકસો દસ જાતનાં પક્ષીઓ, દસ જાતની માછ-

---

૧. બુનદેહેશ પ્રકરણ ૧૦.

૨. બુનદેહેશ પ્રકરણ ૧૪.

લીઓ અને બીજા અસંખ્ય જંગલી જનાવરો છે. એ ઉપર કહેલાં જનાવરોના ભાગો, વર્ગો અને જાતોના નીચે આપેલા કોઠા ઉપરથી એકી નજરે જણાશે કે અસલી જમાનાના ઈરાની વિદ્વાનોએ પણ પ્રાણી વિદ્યાનો અભ્યાસ કરવાનો શોખ ધરાવવા ઉપરાંત એ ખુદરતી વિદ્યાને કેટલીક આગળ વધારી હતી.

ભાગો.	વર્ગો.	જાતો.
(૧) જંગલો અને ખીણોમાં ચરનારાં જનાવરો.	(૧) ફાટેલી ખડીવાળાં.	(૧) પાંચ જાતનાં બકરાં. (૨) પાંચ જાતનાં મેંઢાં. (૩) બે જાતનાં ઉંટો. (૪) પંદર જાતનાં બળદો.
	(૨) ગધેડાના જેવી ખડી ધરાવનારા.	(૫) આઠ જાતનાં ઘોડાઓ (ગધેડા મળીને)
(૨) પહાડો અને ટેકરીઓપર ફરનારાં જનાવરો.	(૩) આંગલાવાળાં.	(૬) દસ જાતનાં કુતરાં. (૭) પાંચ જાતનાં સસલાં. (૮) પાંચ જાતનાં નોળીઆ. (૯) આઠ જાતના કસ્તુરી ધરાવનારાં જનાવરો.
	(૪) પાંખવાળાં.	(૧૦) એકસો દસ જાતનાં પક્ષીઓ.
(૩) પાણીમાં રહેનારાં જનાવરો.		(૧૧) દસ જાતની માછલીઓ. (૧૨) જંગલી જનાવરો.

ઉપલા કોઠામાં આપેલા આંકડા ઉપરથી ૧૮૩) જાતોનો હીસાબ મલે છે તો જોકે ઉપર કહ્યા પ્રમાણે તો ૨૮૨) જાતો થવી જોઈએ, પણ જાતોમાંથી જાતો નીકલેલી છે એમ જણાવવામાં આવ્યું છે.[1] વળી

૧. બુનદેહેશ પ્રકરણ ૧૪ ફકરો ૨૭.

'જાદસ્પરમ' કહે છે તેમ જો ઉપલી જાતોમાં ડુક્કરની જાતો ઉમેરીયે તો બીજી જાતો મળીને ૨૮૨) જાતો થઇ શકે અને એ જાતોને વળી હજાર જાતોમાં વહેંચી નાખેલી છે.[૧]

ઉપર જણાવેલી જુદી જુદી જાતોના જનાવરો વિષે ઘણું ખરૂં જ્ઞાન અવસ્તા તથા પેહલવી જમાનાના લોકોને હતું એવું ઘણુંક વર્ણન તે જમાનાની પુસ્તકોમાં મળે છે તે દરેક જનાવરની નીચે લીધેલી છુટી છુટી તપાસ ઉપરથી જણાશે.

પ્રકરણ ૩ જું.

અવસ્તા જમાનાના જનાવરોનું તે જમાનાની પુસ્તકોમાં મળતું વર્ણન.

ઘોડો.

અવસ્તા ભાષામાં સાધારણ રીતે ઘોડાને માટે '[illegible]' બોલ વપરાયે છે, પણ મરદ ઘોડાને માટે '[illegible]' સંસ્કૃત अस्वतवीश અને માદા ઘોડાને એટલે ઘોડીને માટે [illegible] અથવા [illegible] બોલો વપરાયેલા છે. જોકે ઘોડા જેવા ઉપયોગી અને ચંચળ પ્રાણીની જન્મભુમી કયાં હતી અને તેને કયા લોકો પહેલવહેલો તાબે કરી શકયા હતા તે હજુર સુધી નક્કી થયું નથી[૨] તોપણ અવસ્તા જેવા જુના જમાનામાં

૧. જાદસ્પરમ પ્રકરણ ૯. ફ. ૧૪.

૨. The first record of the training and application of the horse to the purposes of man is in Genesis 19, in which it is written that when Joseph transferred his father's remains from Egypt to Canaan there went up with him both chariots and horsemen. The period when the horse is thus indicated as a beast of burden is calculated to have been 1650 years before the birth of Christ. Horse and chariot race formed part of the Olympic games in Greece 1450 years B. C. (Dr. Brande's Dictionary of arts, Sciences & Literature Page 412 Equus.) આ લખાણ પરથી જણાયે છે કે ક્રાઇસ્ટના જન્મ અગાઉ ૧૬૫૦ વરસ ઉપરજ મનુષ્ય જાત ઘોડાને તાબે કરી શકી હતી પણ એ લખાણ ઘણું ખાતરી ભરેલું લાગતું નથી, કારણકે હાલમાં જ્યારે જરથોશ્તી સાહેબનો જમાનો ક્રાઇસ્ટ અગાઉ ૨૫૦૦) વરસ ઉપર અટકલવામાં આવે છે ત્યારે આપણે વગર ધાસ્તીએ કહી શકયે કે આજથી લગભગ ૩૫૦૦) વરસો અગાઉ માણસ જાત ઘોડા જેવાં જનાવરને તાબે કરી શકયું હતું એટલુંજ નહી પણ તેને પોતાનાં તરેહવાર ઉપયોગમાં લેતું હતું અને તેને વિષે કેટલુંક જ્ઞાનપણ ધરાવતું હતું—

રેસાલો લખનાર.

ઘોડાને પુરતો તાબે કરવામાં આવેલો હતો અને તેને તરેહવાર ઉપયોગમાં લેવામાં આવતો હતો એવું ઘણુક લખાન અવસ્તા તથા પહેલવી પુસ્તકોમાંથી મળી શકે છે.

બુનદેહેશ કેતાબમાં આપણે આગળ જોયું તેમ ઘોડાને ખડી ફાટેલાં જનાવરોના વર્ગમાં મુકીને તેને આઠ જાતોમાં વહેંચી નાખેલો છે. એ આઠ જાતોમાં નીચલી ૭ જાતોના નામો આપેલાં છે.[૧]

તેમાં પહેલી જાત તે અરબી ઘોડાની, બીજી ઈરાની ઘોડાની, ત્રીજી ખચ્ચરની, ચોથી ગધેડાની, પાંચમી જંગલી ગધેડાની, છઠ્ઠી પાણીમાં રેહનારા ઘોડાની (Hippopotamus) અને બીજી બે જાતો જેના નામો મલતાં નથી.

ઘોડાના રંગો–ઘોડાઓ જુદા જુદા રંગના તે વખતમાં જણાયેલા હતા તેમાં મુખ્ય ૭ રંગ નીચે પ્રમાણે હતા [illegible] સંસકૃત સ્વેત=સફેદ [illegible]=સંસકૃત हरी=લીલો [illegible]=[illegible]=શીફ્રારતાશવાળો [illegible] અથવા [illegible]=સફેદ, [illegible], સંસકૃત सीआव=ભુરો અને [illegible]=કાલો.

ઘોડાના ગુણો–ઘોડાના મુખ્ય ગુણોમાં તેની ઝડપ, તેની સહન શકતી અને તેની તીક્ષણ જોવાની શકતિ તે અસલી જમાનાના લોકોને વધુ જણાયેલી હતી.

ઝડપ–આપણે જાણીએ છીએ ત્યાંસુધી ઘોડા જેવું ઝડપવાલું બીજું કોઇ ચોપગુ હાલમાં જણાયેલું નથી તેથી તેની એ ઉતાવલી ઝડપને અવસ્તામાં પવન, વાદલાં, ધુમસ, અને પક્ષીઓની ઝડપ સાથે સરખાવવામાં આવી છે.[૨] ઘોડાને તેની ઉતાવલી ઝડપને લીધે સ્વારી કરવામાં તથા ગાડીમાં જોડવામાં, તથા લડાઈના કામમાં અસલના જમાનાથીજ વાપરવામાં આવેલો છે. અવસ્તા જમાનામાં થોડામાં થોડા વખતમાં લાંબામાં લાંબી મુસાફ્રરી કરવાને ઘોડો કામે લાગતો હતો. અર્દવીસુર નદી જેની ૧૦૦૦) નેહેરો તથા ખાડીઓ છે તે દરેક નેહેરને એક સરસ ઘોડાપર થયેલો સવાર ચાલીસ દાહાડામાં જેટલી લંબાઇની મુસાફ્રરી કરી શકે તેટલી લાંબી કહેલી છે.[૩]

---

૧. બુનદેહેશ પ્રકરણ ૧૪ ફકરો ૧૮. ડૉકતર વેસ્તનો તરજુમો.
૨. જુઓ બ્યસ્ન ૫૭ ફ૦ ૨૮.
૩. જુઓ આવાં યશ્ત ફ૦ ૬,

હવે બુનદેહેશ કેતાબના ૧૩) પ્રકરણ પ્રમાણે એ વિસ્તાર ૧૭૦૦) ફરસંગ[1] એટલે ૫૧૦૦) માઇલનો થાયે છે એટલે એક ઘોડો અવસ્તા જમાનામાં ૧૨૭$\frac{1}{2}$) માઇલની મંજલ એક દહાડામાં કાપી શકતો હતો.

વલી ઘોડાને લડાઇમાં વાપરવામાં આવતો હતો એવું નીચલું લખાણ યસ્તોમાં મળે છેઃ– " જેઓને અય પવિત્રઅષિ ! તું સહાય થાયે છે તેમના ઘોડાઓ (દુશમનોમાં) ધાસ્તી ફેલાવે છે, ઝડપ ચાલના હોય છે, ફીણ ફેંકે છે, પ્રકાશીત રથ ખેંચે છે, રથમાં જોડાઇને (સવારની) મરજી થાયે ત્યાં કુંચ કરે છેઃ ઈશ્વરી કીરતન ગાતા, સેતાબ ઘોડાઓવાલા મજબુત રથવાલા તીક્ષણ ભાલાવાલા, લાંબી લાકડીવાલા ઝડપથી જતા તીરોવાલા દુર સુધી પોહોચનાર, દુશમનનો દુંબાલો પકડનારા, અને દુશમનને તેના મોહાડા આગળથી મારનાર પહેલવાનોને (પોતાની પીઠ ઉપર અથવા રથમાં બેસાડી) તેઓ લઈ જાયે છે.[2]

વલી મેહેર યસ્તમાં જણાવેલું છે કે જેને (મીથ્રને) રથમાં બેસનારા પહેલવાનો પોતાના ઘોડાઓની પીઠપર આરાધે છે.[3]

ઉપલા ફકરાઓ દેખાડવાને બસ છે કે અવસ્તા જમાનાના વખતથીજ ઘોડાને લડાઈના કામમાં વાપરવામાં આવતો હતો; તે ઝડપવાલા અને હોશીઆર પ્રાણીની જગ્યા હાલના જમાના સુધી બીજા કોઈપણ ચોપગાંએ લીધી નથી.

વલી બાઈબલના[4] કેટલાક ફકરાઓ પરથી તથા ઈજીપશીયન અને બીજી પ્રજાઓના કોતર કામમાં પહેલવાનોની રથોને ઘોડા ખેંચતા ચીતારેલા હોવાથી જણાયે છે કે અસલી ઇજીપશીયન, ક્રીશચ્યન અને બીજી પ્રજાઓ પણ ઘોડાને લડાઈના કામમાં વાપરતી હતી.

આ ઠેકાંણે જાણવું અગત્યનું થઈ પડશે કે જેમ હાલમાં ઘોડાની પીઠ ઉપર બેસીને પહેલવાનો લડે છે તે ઉપરાંત અસલી જમાનાના લોકો તો ખાસ બનાવેલી ઘોડા જોડેલી ગાડીઓમાં ઉભા રહીને લડતા હતા, એવું અનુમાન અવસ્તા ભાષામાં પહેલવાનને માટે વપરાતા 'રથેસ્તાર' બોલના ધાતુ–અર્થ ઉપરથી બાંધવાને કારણ મળે છે, એટલુંજ નહીં, પણ અસલના વખતની બીજી પ્રજાઓ જેવી કે રોમન, ગ્રીક અને ઈજીપશીયન

૧. જુઓ બુનદેહેશ પ્રકરણ ૧૩ ફ. ૨.

૨. જુઓ અબિયસ્ત ફ૦ ૧૨ અર્વેદ માદનનો તરજુમો.

૩. જુઓ મેહેર યશ્ત ફ. ૧૧.

૪. જૂઓ 2nd book of Chronicles XII. 2, 3.

પણ એ રીતે ગાડીમાં બેસીને લડતી હતી. એ* 'રથેસ્તાર' બોલઝંદ ભાષાના '[illegible]'=ગાડી અને [illegible] અથવા [illegible]= ઉભું રહેવું એવાં બોલો ઉપરથી બનેલો બોલ છે. ત્યારે ગાડીમાં ઉભો રહેનાર એટલે ગાડીમાં ઉભો રહીને લડનાર તે રથેસ્તાર એટલે પહેલવાન લડવૈયો કહેવાતો હતો. ઇજીપશીયનોની એવી એક ગાડીનું વર્ણન નીચે પ્રમાણે કરવામાં આવ્યું છે.[૧]

"તે લડાઇની ગાડી બે પૈડાની હોય છે અને તેને બે ઘોડા જોડેલા હોય છે, અને તેમાં એકજ પહેલવાન ઉભો રહી શકે એટલીજ જગ્યા હોય છે."

ઘોડાની ઝડપ વિષે અને તે ઝડપને લીધે તેને કેટલાંક કામોમાં અવસ્તા જમાનામાં વાપરવામાં આવતો હતો એટલું ઉપલા લખાણમાં જણાવી હવે આપણે તેની જોવાની શક્તી વિષે થોડું બોલીશું.

મી૦ મારતીન નામનો ગ્રંહથકાર પોતાની "ઘોડાની તવારીખ" નામની ચોપડીમાં ઘોડાની જોવાની શક્તી વિષે નીચે પ્રમાણે લખે છેઃ–[૨]

"જોકે ઘોડાઓને દીવસમાં કામ કરવાની ટેવ હોય છે તો પણ તેઓની આંખના ડોલા લાંબા હોવાથી રાતના અંધારામાં પણ સઘલી ચીજોને જોવાને રોશણીના કીરણો તેઓ ઘણા સહેલાઈથી મેલવી શકે છે. તેઓની આંખો બાજુએ અને ઘણી દુર દુર હોવાથી તેઓ ઘણું લાંબે વેર જોઈ શકે છે, અને તેથી જ્યારે તે પ્રાણી મુંગુ મુંગુ ડોકું નીચે કરીને ચરતું હોય છે ત્યારે પણ પોતાની આસપાસ સઘલી બાજુએ સહેલાઈથી જોઈ શકે છે."

ઉપર જણાવેલી ઘોડાની તીક્ષણ નજર શકતિનું અવસ્તા જમાનાના લોકો પણ અવલોકન કરી શકયા હતા કેમકે બેહેરામ યશ્તના નીચલા ફકરા ઉપરથી એવું માનવાને કારણ છે.

"અહુરના પેદા કરેલા વેરેથ્રઘ્નએ તેને (જરથોસ્તને) સચ્ચાઈનો ઝરો, બાજુઓનું કૌવત, તમામ શરીરની તનદરોસ્તી, તમામ શરીરનું સુખ તથા ઘોડાના જેવી નજર શક્તી બક્ષી કે જે (ઘોડો) સહેજબી રોશણી વીનાની વાદલાંવાલી અંધારી રાતે જમીન ઉપર પડેલો પોતાનો

૧. જુઓ History of the horse by Mr. W. C. L. Martin Page 81.
૨. જુઓ એ ગ્રહસ્થની History of the horse ની ચોપડીનું પાનું ૧૧૩ મું.

બાલ જોઇ શકે છે તથા તે બાલ છેડા (પુછડી) તરફનો કે મથાલા (માથા) તરફનો છે તે પણ પારખી શકે છે."[1]

ઘોડો ઉપર જણાવેલા કીમતી ગુણો ઉપરાંત બીજા પણ કેટલાક વખાણવા લાયેક ગુણો ધરાવે છે જેવા કે સ્વાદ પારખવાની શક્તિ, સાંભલવાની તથા સુંગવાની શક્તિઓ જે વિષે જોકે અવસ્તાના હૈયાત લખાણોમાંથી સીધા ખુલાસા મળતા નથી તોપણ કાંઈ એમ સમજવાને કારણ નથી કે તે ગુણો વિષે અવસ્તા જમાનાના લોકો બેખબર હતાં.

હવે ઘોડા જેવાં ઉતમ અને કીમતી પ્રાણીને ઘણુંજ ચહાવામાં આવે એટલુંજ નહી પણ તેને સરસમાં સરસ ચીજો સાથે સરખાવવામાં તથા તેને ફરેસ્તાઓ અને બીજા આકાશીઓની ચાકરીને માટે લાયેક ગણવામાં આવે, તથા તેમને ભોગ આપવાની ચીજ તરીકે સમજવામાં આવે એ તો ખુદરતીજ છે. ઘોડાના સરસ, તારીફ લાયેક અને કીમતી ગુણોને લીધે ઘણાજ અસલના વખતથી તે દુન્યાના લોકોની ધર્મ સંબંધી ક્રીયાઓ અને બંદગીઓમાં ઘણોજ અગત્યનો ભાગ બજાવતો આવ્યો છે. કરનલ એચ. સ્મીથ લખે છે[2] કે હીંદુસ્થાનમાં ઘણાજ અસલના વખતના કાયેદામાં એક દેવતાને (deity) ઘણીજ ગંભીરાઈ સાથે ઘોડાનો ભોગ આપવાને ફરમાવવામાં આવ્યું હતું, અને એવો ભોગ માત્ર એક મનુષ્ય ભોગ કરતાં ઉતરતો ગણાતો હતો. ઘણી અસલી પ્રજાઓમાં ઘોડાને વાસ્તે માન રખાતુ આપણે જોઈએ છીએ, તે સાથે વલી તેના ભોગ પણ અપાતા હતા. હીરોડોટસ કહે છે[3] કે સાઈથ્યન લોકો લડાઈના દેવોને ઘોડાઓનો તેમજ લડાઈમાં પકડાયેલા કેદીઓનો ભોગ આપતા હતા. વલી જ્યારે તેઓનો રાજા મરી જતો ત્યારે તેના શરીરમાં ખુસબોઈ ભરીને એક ઉંડા ખાડામાં હથીઆરબંધ કીધેલા બીછાના ઉપર તેને મુકતા હતા અને બીજી કેટલીક ચીજોની સાથે ઘોડાઓને ગુંગલાવી મારી નાખીને તે ખાડામાં પુરતા હતા.

વલી અવસ્તા જમાનાના લોકોમાં પણ ઘોડાઓ તથા બીજાં ચોપગાં જનાવરોને યજત અમશાસ્પંદોને અર્પણ કરવાનો રવૈયો હોય એવું કેટલુંક લખાણ મલે છે. મેહેરયસ્ત[4] પ્રમાણે "માઝદયસ્નાનો (મીથ્રને) બે ગોધા,

---

૧. જુઓ બેહરામ યશ્ત ફ. ૩૧.

૨. જુઓ Mr. Martin's History of the horse Page 99.

૩. જુઓ Mr. Martin's History of the horse Page 101.

૪. મેહેર યશ્ત ફ. ૧૧૯.

બે પશુઓ, હવામાં ઉડનારા પાંખવાળા બે પક્ષીઓ અર્પણ કરે.” વલી આવાં યસ્ત[1] પ્રમાણે ‘અર્દવીસુર’ ફરેસ્તાને પેશદાદીયન હોશંગે, જમશેદે, જોહાકે, આથવ્યાન ખાનદાનના ફરેદુને, બહાદુર કેરસાસ્પે, ખુની તુરાની આફ્રાસીયાબે, કેકાઉસે, કયેખોસરૂએ, તુસે, જામાસ્પે, યોસ્તીફ્રયાને તથા બીજા ઘણાઓએ સોનર ઘોડા, હજાર ગોધા, દશ હજાર નાના ગોસ્પંદો આરાધણામાં અર્પણ કર્યાં હતાં, અને તે ફરેસ્તા પાસે કેટલીક દુવા ચાહી હતી; પણ એ અર્પણ કરવાની મતલબ કાંઇ એ પશુ જનાવરોની કતલ કરવાની તથા ભોગ આપવાની સમજવી નહીં કારણ કે અવસ્તાના કોઇપણ ફકરા ઉપરથી એવો અર્થ ઉઠી શકતો નથી એટલુંજ નહી પણ તવારીખના પીતા હીરોડોટસનું જાહેર થયેલું મત છે કે ઈરાનીઓ ભોગ આપવાનું જાણતાજ ન હતા. એ અર્પણ કરવાની રીતની તો મતલબ એવી છે કે પાદશાહાઓ તથા પેહેલવાનો જ્યારે પોતાની ઉમેદોમાં પાર પડતા ત્યારે એક યજ્ત કે અમશાસ્પંદની બંદગી કરીને ઉપર કહેલી સંખ્યાના જનાવરો તે ફરેસ્તાને નામે પોતાની પ્રજાના ગરીબ લોકોમાં વહેંચી આપતા હતા, અને તેમના આશીરવાદ મેળવતા હતા.

વલી અવસ્તામાં ‘ખોરશેદ’ની ઝડપ દેખાડવાને તેને [illegible] (અઉર્વતઅસ્પ) એટલે તેજી ઘોડાવાલો વિષેશણ લગાડવામાં આવ્યું છે. વળી જે પ્રજાઓ સુર્યને ગાડીમાં બેઠેલો ચીતારે છે–કે જે વિચાર ઘણાજ પુરાતન વખતનો છે કારણકે હીંદુઓ તથા ગ્રીકોની દંતકથામાં એ બાબદ મળે છે[2]–તેઓ તેની ગાદીને સફેદ ઘોડા જોડેલા સમજે છે. હીંદુઓના વેદમાં આતશના દેવતાઅગનીને એક સફેદ ઘોડા સાથે સરખાવવામાં આવ્યો છે, એટલુંજ નહી પણ ખુદ સુર્યને એક સફેદ ઘોડો કહેલો છે.[3] ગ્રીક લોકો પણ સફેદ ઘોડાને પવીત્ર ગણે છે. તેઓ એમ માને છે કે સુર્યના દેવતાઓ સફેદ ઘોડા વાપરે છે.[4] જરમન લોકો પણ સફેદ ઘોડાને બીજા ઘોડાઓ કરતાં વધારે કીમતી ગણે છે. તેઓ એમ માને છે કે સફેદ ઘોડા દુન્યાદારીના કામમાં લેવાયે નહી, પણ માત્ર દેવતાઓને અર્પણ કરાયે અને રાજા સીવાય બીજા કોઈએ પણ સફેદ ઘોડા વાપરવા જોઇએ નહીં.[5] એજ મીસાલે અવસ્તામાં પણ આપણે જોઇએ

---

૧. આવાં યશ્ત ફ. ૨૧.

૨. જુઓ અઐરપત માદનવાલો યશ્તના તરજુમાની ખોરશેદ યશ્તનો દીબાચો.

૩. રીગવેદ ૭ ૭૭.

૪. ૫, જુઓ Dr. Gioger's Civilization of the E. Iranians.

છીએ કે મીથ્રની, સરોશની, અરદવીસુરની અને 'અશી'ની ગાડી સફેદ ઘોડા ખેંચે છે. એ સફેદ ઘોડાઓની એવી પીછાનયતનો ખોલાસો નીચે પ્રમાણે થઇ શકે; જ્યારે જરથોસ્તી ધર્મમાં ખરાબ અને સારૂં, અંધારૂ અને ઉજલું, કાલુ અને સફેદ એવી એકેકથી ઉલટી હાલતો દરશાવીને હમેશા સારી બાજુઓ પસંદ કરવા અને ખરાબને ધીક્કારવા ફરમાવેલું છે ત્યારે ખુદરતી રીતેજ સફેદ રંગ જે રોશણીનો પણ રંગ છે તેવાજ રંગના યજતોની ચાકરીને લાયેકના ઘોડાઓ પણ હોવા જોઇએ. એવી રીતે દરેક ઠેકાણે જરથોસ્તી ધર્મની ફીલસુફીને દાખલ કીધેલી જોવામાં આવે છે.

ઘોડાની સંભાલ—ઘોડાની ઉપલા વખાણવા લાયેક ગુણો તથા તેની જરૂરને લીધે અને તેને ધર્મ સંબંધી લાગણીથી જોવામાં આવતો હોવાથી અવસ્તા જમાનામાં તેની ઘણી સંભાલ અને જતન લેવાતી હોવી જોઇએ. એવી સંભાળ નહી લેનારને ઠપકાને પાત્ર ગણવામાં આવતો હતો એટલુજ નહીં પણ ખુદ ઘોડોજ પોતાના રખેવાલને શ્રાપ દેતો હતો એમ જણાવેલું છે.[1]

"હવે પછી તું વધુ વાર ઘોડા ઉપર સ્વારી કરે નહી."

ઘોડાની બક્ષીસ—અવસ્તા જમાનાના લોકો અને મુખ્ય કરીને લડવૈયાઓ ઘોડા મેલવવાની ઘણી હોંશ રાખતા હતા તેમાં લડવૈયાઓ તો પોતાના ઘોડાને માટે જોર માગતા હતા[2] વલી તિશત્રય સેતારાને વખાણનારાઓને તે ઘોડાનું ટોળુ બક્ષે છે.[3] જેઓ મીથ્રને ઠગતા નથી તેઓને તે ઘોડાઓનું ટોળુ બક્ષે છે.[4] વલી ઘણેક ઠેકાણે સારી ન્યામતો તથા બક્ષીસને માટે આશીરવાદ કરવામાં આવે છે ત્યાં ઘોડાની બક્ષીસ મુખ્ય કરીને માંગવામાં આવે છે.[5]

ગધેડું.

અવસ્તા જમાનામાં પાળી શકાયે એવાં જનાવરોમાં ગધેડું પણ એક હતું એમ જણાયે છે. એ વિષેનો પાધરો ઇસારો અવસ્તા લખાણોના એક ફકરાપરથી મલે છે. એ જનાવર ઘોડાના વર્ગનું છે એવું બુનદેહેશમાં આપેલી ઘોડાની જાતોની ટીપ ઉપરથી આપણે આગલ જોઈ ગયા છૈયે,

૧ યસ્ન ૧૧. ફ. ૨.

૨ મેહેર યસ્ત ફ. ૧૧. ૩ તીર યસ્ત ફ. ૧૯ ૪ મેહેર યસ્ત ફ. ૩.

૫ ફરવરદીન યસ્ત. ૫૨. આવાં યસ્ત. ફ. ૮૬ ગોસ્તાસ્પ યસ્ત ફ. ૪

પણ તે ઘોડા અને ઉંટ કરતાં ઉતરતું ઉપયોગી જનાવર છે વંદીદાદની ૭) મી ફ્રગર્દમાં એક દાકતરને જુદી જુદી પંકતીના મરદ અને ઓરતોને સાજા કરવાં માટે ચહડઉતર કીમતના જનાવરો લવાજમ તરીકે આપવાને ફરમાવવામાં આવ્યું છે. ત્યાં ઘરના વડાની બાનુને આરામ બક્ષવાને માટે એક ગધેડી આપવા કહેલું છે જ્યારે ટોલાના વડાની બાનુને માટે એક ઘોડી અને દેશના વડાની બાનુને માટે એક ઉંટડી આપવાને ફરમાવ્યું છે.

વેદ જમાનાના હીંદુઓમાં પણ ગધેડું પાળી શકાય એવાં જનાવર તરીકે ઘણું કીમતી ગણાતું હતું. તે મુખ્ય કરીને ભારી બોજા ઉચકવાને કામે લાગતું હતું અને નર ગધેડાંને તો ગાડીમાં પણ જોડવામાં આવતાં હતાં.[૧]

ઉંટ.

ઉંટ એ એક ઘણુંજ ઉપયોગી જનાવર તરીકે અવસ્તા જમાનામાં વપરાતું હતુ. તે બુનદેહેશ કેતાબ પ્રમાણે પહાડો અને ખીણોમાં ઘાસ ચારો ખાનારાં, ખડી ફાટેલાં અને ફરાખીથી ચાલનારાં પ્રાણીઓના વર્ગમાં મુકાયેલું છે. તેને બે જાતમાં વહેંચી નાખેલું છે. તેમાં એક ખુંધવાલા ઉંટની જાત અને બીજી બે ખુંધવાલાની. એ જનાવરને (Ruminating animals) એટલે જે પ્રાણીઓ ખોરાક ખાધા પછી પોતાની ફુરસદે પાછો મોંહોમાં લાવીને તેને વાગોલી વાગોલીને પાચન કરે છે તેઓના વર્ગનું ગણેલું છે.[૨] એ જનાવર પોતાના જોર, સહનશક્તિ, નમ્રતા અને જંગલોમાં રખડવાની ખાસ્યતને લીધે ઘણુંજ ઉપયોગી થઈ પડે છે. એ પ્રાણીને તેની સહનશક્તિ અને ઝડપને લીધે ભાર ઉંચકવાને તથા રેતીના મેદાનોમાં લાંબી મુસાફરી કરવાને અવસ્તા જમાનાના લોકો ઉપયોગમાં લેતા હતા. એ જનાવરના કદનું વર્ણન તથા અસલી ઇરાનીઓ એ જનાવરને કેવી માનની નજરથી જોતા હતા તે નીચલા બેહેરામ યશ્તના ફકરા ઉપરથી જણાશે. ત્યાં બેહેરામ યજતને એક ઉંટના આકારમાં મરદો તથા ઓરતોની મદદે આવતો ચીતાર્યો છે.[૩]

૧. જુઓ દાકતર ગાઇગરનો અસલી ઇરાનીઓના સુધારા વિષેનો દસ્તુર દારાબનો ઇંગરેજી તરજુમો પાનું. ૧૮૫.

૨. જુઓ First Year of Scientific Knowledge by Paul Bert Page ૩૩

૩. જુઓ બેહેરામ યશ્ત ફ. ૧૧–૧૨.

"તેની (જરથોસ્તની) તરફ અહુરનો પેદા કરેલો વૅરથ્રઘ્ન ચોથીવાર ભારબરદારી, બાચકાં ભરનાર, (અથવા તીક્ષણ દાંતવાળા) જોશથી ઘસનારાં, બુલંદ સાજવાળાં, પાળેલાં, હળી ગયલાં ઉંટના આકારમાં ધસ્તો આવ્યો. જે ભરજુવાન મરદો માટે ઘણુંજ કૌવત તથા ઘણુંજ મોટું ડહાપણ લઈ જાયે છે, જેને બાનુઓની વચ્ચે (આવેલો જોવાને) ઈચ્છવામાં આવે છે, કારણકે તે ઓરતોનું વધુ સારૂં રક્ષણ થાયે છે કે જેમને એક ભારબરદારી, જોરેમંદ અવ્યવોવાલું, કૌવતમંદ ખુંધવાલું, દાઢીવાલું ચાલાક આંખોવાળું, પ્રકાશીત માથાંવાળું, ઉંચા કદનું અને ઘણાજ જોરવાલું ઉંટ રક્ષણ આપે છે."

અવસ્તા જમાનામાં ઉંટને પણ ઘોડાના જેટલુંજ બલકે તેથી વધુ કીમતી ગણવામાં આવતું હતું. પાળી શકાયે એવાં ઉપયોગી જાનવરોમાં ઘોડાથી ઉતરતું અને ગાયે ઢોરોથી ચઢતું ઉંટને ગણેલું છે. એક દેશના વડાની બાયડીને સાજી કરવાને માટે એક તબીબની ફીના બદલામાં ઉંટડી આપવાને ફરમાવવામાં આવે છે.[1] પણ એક પટલાણીને સાજી કરવાને ઘોડી આપવાને કહેલું છે. એ ઉપરથી ઉંટડીની કીમત ઘોડીની કીમત કરતાં વધારે હોવી જોઈએ. તે ઉપરથી જણાયે છે કે અવસ્તા જમાનાના લોકો ઘોડા કરતાં ઉંટને વધારે કીમતી ગણતાં હશે, કારણકે તે ઘણું ઉપયોગી પ્રાણી હોવા ઉપરાંત તેની વસ્તી પણ ઘણીજ નાની હોવાથી તેઓ વધારે મોઘા મળતાં હશે.

ઉંટને તેના ઉપયોગી ગુણોને લીધે અસલી ઇરાનીઓ ઘણું ચહાતા હોવાથી ઘોડા તેમજ બીજા ગાયેઢોરોની માફક તેને પણ મેળવવાને ઘણી ઇચ્છા રાખતા હતા. જનાવરો ઉપર તેઓ એટલો બધો પ્યાર રાખવાથી પોતાનાં બચ્ચાંઓનાં નામો પણ એ જનાવરોપરથી પાડતા હતા. જેમકે જરથોસ્તના બાપનું નામ 'પોઉરૂશસ્પ' એટલે પુષ્કળ ઘોડા ધરાવનાર, જરથોશ્ત સાહેબનું ખુદ પોતાનું પણ 'ઝરથુસ્ત્ર' એટલે પીલું ઉંટ ધરાવનાર, તેજ મીસાલે 'ફ્રશોસ્ત્ર,' 'વોહુઉસ્ત્ર' ઈત્યાદી વિષેશ નામો નીકલેલાં છે.

હવે ઉંટનું ઉપયોગી પણું, તેની સહનતા, ઈત્યાદી ગુણો વિષે દાકતર ગાઈગરના બોલો નીચે ટાંકી એ જનાવરનું બ્યાન સમાપ્ત કરીશું.[2]

---

૧. વંદીદાદ ફરગરદ ૭ ૪૨.

૨. જુઓ એ વિદવાનના ઇરાનીઓના અસલી સુધારાનો તરજુમો પાનું ૧૮૧.

"મધ્ય એશીઆના ભરવાડો બીજાં સઘળાં પાલી શકાયે એવાં જનાવરોમાં મુખ્ય કરીને ઉંટને જાણે તેની તરફ ભક્તિ ભાવ દેખાડતા હોય એટલું બધું વખાણે છે. જ્યારે આપણે તેના (ઉંટના) પુષ્કળ કૌવત, સબુરી અને તેને પાળવાના ઘણાજ નજીવા ખરચ તરફ નેગાહ કરીએ છીએ ત્યારે આપણને એમાં અચરત થવા જેવું કશું લાગતું નથી. તે બીજા જનાવરો આડી નજરે ન જોય એવા કાંટાદાર મુળીઆપર સંતોષ પામીને અઠવાડીઆં બલકે મહીનાઓ સુધી રેતીના મેદાનોપર વગર થાકવે ભટકે છે. વલી તે એટલું બધું ગરીબ, અને તાબેદાર હોય છે કે એક નાનું બચ્ચું પણ એક લાકડીના ટુકડા વતે એ જનાવરોના આખાં ટોળાંને ચલાવી શકે છે."

કુત્રો.

એ જનાવર વિષે અવસ્તામાં જેટલુ સીલસીલાબંધ વર્ણન મળે છે તેટલું બીજાં કોઇ જનાવર વિષે મલતું નથી, કારણકે એ જનાવર તે અસલી જમાનામાં અતિષ્ય ઉપયોગી, નીમકહલાલ, અને સમજું પ્રાણી તરીકે ઘણું જણાયેલું હતું એટલુંજ નહીં પણ તેના એવા ગુણોને લીધે તેની સંભાલ લેવાના હોકમોને ધર્મના ફરમાનો તરીકે ગણવામાં આવ્યાં છે. એ વિષે વંદીદાદમાં ઘણુંજ લંબાણ બ્યાન મળે છે.

કુત્રાની જાતો—વંદીદાદની પાચમી ફરગર્દ પ્રમાણે કુતરાઓને દસ જાતોમાં વહેંચી નાખેલા છે. તે જાતો નીચે પ્રમાણે છે:—

ભરવાડી કુતરો, ઘેરની રખેવાલી કરનારો કુતરો, નાશકારક જનાવરોનો શીકાર કરનારો કુતરો, નાનો કુતરો, આંધલું કુતરૂં, 'ઝઝું' જાતનો કુતરો 'અઈ વીઝુ' જાતનો કુતરો, 'વીઝુ' જાતનો કુતરો, 'ઉરૂપી' જાતનો કુતરો અને વડ્‌હાપર કુતરો. ઉપર જણાવેલી જાતોમાંથી ભરવાડી કુતરો, મોહાલાની પાસબાની કરનારો કુતરો, શીકારી કુતરો, નાનુ કુતલીઉ, આંધળું કુરકુરીઉ, એઓના કામ અને ઉપયોગ વિષે એમના નામો ઉપરથી આપણને સમજણ પડી શકે છે પણ 'ઝઝુશ' 'અઈવીઝુશ' અને 'વીજુશ' નામો કેઇ જાતના કુતરાઓને આપવામાં આવ્યાં હતાં તે હજુર સુધી નક્કી થયું નથી. ધાતુ ઉપરથી એમનો અર્થ 'ઝું' તુરતનું 'ભસવા શીખેલો' અથવા ભસવું શરૂ કરનાર અને 'હજી અવાજ નહીં કાહાડી શકનાર' કુતરો થઇ શકે છે. અસપંદયારજી 'અઇ

વીઝુશ' ને માટે એવો ખુલાસો કરે છે કે એ કુત્રાના કાન ભેંસના જેવા લાબાં હોય છે.[1]

એ જાતોમાંના વદ્-હાપર જાતના કુતરા વિષે વંદીદાદમાં કેટલુંક વર્ણન આવેલું છે. વંદીદાદની ૧૩) મી ફરગરદના પહેલા ફકરામાં પુછેલા સવાલના જવાબમાં કહેવામાં આવે છે કે તે "વદ્-હાપર નામનો તીક્ષણ કાંટાવાલો, નાજુક માંથુ ધરાવનાર કુતરો છે જેને બુરૂ બોલનારા શખસો 'દુજક'ના નામથી ઓલખે છે. સ્પેન્તમઇન્યુશના પ્રાણીઓમાંનું એજ પ્રાણી સ્પેન્તમઈન્યુશને લગતું છે કે જે દર બામદાદે સુરજ ઉપર ચઢતાં વાર હજાર (દુશમનો) ને મારી નાખનાર લડવૈયા મીસાલે અંડ-રમઇન્યુશની સામે ધસે છે. આ તીક્ષણ કાંટાવાલો નાજુક માંથુ ધરાવનાર વડ-હાપર કુત્રો, જેને બુરૂં બોલનારા શખસો દુજક કરી કહે છે તેને, ઓ પવિત્ર જરથુસ્ત જે કોઇ મારી નાખે છે તે પોતાના રવાંનને મોહોત આપે છે (અને તેની અસર) તેના નવ પહેડીનાં સગાંઓ સુધી (પોંહોંચે છે), અગર જો તેણે પોતાની જીંદગીમાં તે (વાંક) માટે (ફરમાવેલી) તોજેશ સંપુરણ કરી ન હોય તો પ્રથમ તેને ચિન્વત પુલ પસાર કરવો મુશકેલ થઇ પડશે.[2]

વલી એ કુતરાને મારવાની તોજેશની સજા વિષે પુછવામાં આવ્યાથી એવું જણાવવામાં આવ્યું છે કે તેને મારી નાખનારને ૧૦૦૦) ફટકા પરોણીથી અને ૧૦૦૦) 'સ્રઓ ષોચરન'થી મારવાં.[3]

હવે એ વડ-હાપર અથવા 'દુજક' જનાવર કોણ છે કે જેને મારવાથી એક જરથોસ્તી ગુનેહગાર થતો હતો? એ જનાવર વિષે હજુર સુધી વિદ્વાનોમાં મતફેર છે ખરો પણ દાકતર હાર્લેની એ વિષેની તર્કને વધારે વજન આપી શકાયે એમ છે. વંદીદાદની ૧૩) મી ફરગર્દના પોતાના તરજુમાના દીબાચામાં એ દાકતર એ જનાવર વિષે વિવેચન કરતાં વંડ-હાપર અથવા 'દુઝક' ને હિંદુસ્તાનની ઉતરે અફગાનીસ્તાનમાં મલતાં ફતાગીન (Phatagin) અથવા પૅન્ગોલીન (Pangolin) જનાવર સાથે સરખાવે છે કારણકે એ 'દુઝક' વિષે આવેલાં બુનદેહેશ અને 'સદદર' કેતાબના ફકરાઓની સરખામણી કરીને એ વિદ્વાન કહે છે કે એ

---

૧. જુઓ અએર્વદ માદનનો વંદીદાદનો તરજુમો ફરગરદ ૫)મો પાનું ૬૭)મું કુતનોત ર)જી.
૨. જુઓ વંદીદાદ ફરગરદ ૧૩. ફકરા. ૧—૩
૩. જુઓ વંદીદાદ ફરગરદ. ૧૩ ફકરો. ૪.

જનાવરોની રીતભાત અને બાંધા ઉપરથી તેમને વડ•હાપર અથવા 'દુઝક' સાથે સરખાવી શકાયે છે કારણકે તેઓ બંને કીડાઓના શોખીન, ઘણાજ ધીમી ચાલના પાતલાં તથા લાંબા માથાવાલાં તથા શરીર ઉપર ઘણા તીક્ષણ ભીંગડાં ધરાવનારા હોય છે.[1] આ તર્ક કેટલીક ધ્યાન પુગાડવા જોગ છે ખરી.

વળી એ જનાવરના હરીફ તરીકે "જઘરિમ્યડ•ઉર" પ્રાણી છે,[2] જેને કેટલાકો 'જઘરિમ્યાક'ના નામથી ઓલખે છે. પહેલવી સરેહ કરનારા કહે છે કે તે દીવસ અને રાત મલી એકવાર પોકાર કરે છે અને પાણીમાં પીસાબ કરે છે. એ પ્રાણીને કેટલાકો કાચબો સમજે છે.[3] જેમ વડ•હાપરને મારનારને ગુનાહ લાગે છે•તેમ જઘરિમ્યડ•ઉરને મારનારને સવાબ લાગે છે, અને તેના સઘલા ગુનાહ ભરેલા વિચારો સુખનો અને કામો ધોવાઇ જાયે છે.[4]

વળી એજ ફરગર્દમાં જુદી જુદી જાતના કુતરાઓને મારનાર, તેઓના કાન, પગ તથા પુછડી કાપનારને અને તેઓને ભુખે મારનારને માટે કેટલીક ચહડ ઉતર સજા ઠરાવેલી છે. વળી જુદી જુદી જાતના કુતરાઓને કયા કયા કામમાં વાપરવામાં આવતા હતા તે પણ એ ફરગર્દ પરથી જણાયે છે જેમકે કેટલાકોને પશુની પાસબાની માટે, કેટલાકોને ગામડાની પાસબાની માટે તેમજ કેટલાકોને માણુસના પોહોરેગીર તરીકે કામે લગાડવામાં આવતા હતા.

કુતરાની કેટલીક ખાસ્યતો.—વંદીદાદની ૧૩ મી ફરગર્દના ૪૪—૪૮ ફકરાઓ પ્રમાણે કુતરો આથ્રવનના જેવી, લડવૈયાના જેવી, ખેડુતના જેવી, ગુલામના જેવી, ચોરના જેવી, શીકારી જનાવર જેવી, વેશીયાના જેવી અને બાલકના જેવી જુદી જુદી ૩૨ ખાસ્યતો ધરાવે છે.

એ ખાસ્યતો ઉપરાંત કુતરો બીજા કેટલાક ગુણો ધરાવે છે. એજ ફરગર્દના ૩૯—૪૦ માં ફકરામાં અહુરમજદ બોલેછે કે "મેં અહુરમજદએ કુત્રાને તેના વસ્ત્રવાળો તથા જોડા સાથનો પેદા કર્યો છે"—એની મતલબ એ કે થંડી નહી લાગે માટે તેના શરીરપર રૂવાં આપેલાં છે તથા પગમાં કાંટા, તથા પથરા ભોંકાયે નહી માટે પગના તળીઆં જાડા અને ખરીવાળાં

૧. જુઓ અઍરપત માદનવાલો એ વિદ્વાનનો વંદીદાદનો તરજુમો ફરગરદ ૧૩ મીનો દીબાચો.
૨. વંદીદાદ ફરગુરદ ૧૩. ફ૦ ૬. ૩. જુઓ અઍરપત માદનનો વંદીદાદનો તરજુમો ફ૦ ૧૩ મીના ૪ થા ફકરાની ફુટનોટ. ૪. વંદીદાદ ફરગરદ ૧૩. ફકરો ૭.

બનાવવામાં આવ્યાં છે—"જે ચાલાકીથી તતાર બેસનાર, તીક્ષણ દાંત વાળો, અને ગોસ્પંદોની પાસબાની માટે માણસથી રોટલી મેલવનાર છે. તુરાંનીઓ સાંમે કૌવતમંદશરીરનો મેં અહુરમજદે કુત્રાને પેદા કર્યો છે. જયારે કુતરો ભલી ખાસ્યતનો હોય છે અને જ્યારે તેને ગોસ્પંદો માટે રાખેલો હોય છે, જ્યારે ઓ અશો જરથુસ્ત્ર! તે પોતાનો અવાજ બુલંદ સંભલાવવા માટે સાવધ રહે છે ત્યારે ચોર કે વરૂ (આ કુત્રાનાં) ગામને લગતી જણસો લુટવાને અને નહી માલમ પડે તેમ તે ઉઠાવી જવાને આવતાં નથી. તેનેથી ચોરીથી ભરાઇને આવનાર વરૂઓ મારેલાં અથવા ટુટેલાં થાયે છે, અથવા નાહાસભાગમાં પડે છે." વંદીદાદના ઉપર ટાકેલાં ફકરાઓ પરથી જણાયેછે કે અસલી ઈરાનીઓ કુત્રાને પોતાની માલમીલકત, ગોસ્પંદો, ખેતરો ઇત્યાદીની ચોરોથી તથા ફાડીખાનારાં જનાવરોથી સંભાળ રાખવાને કામે લગાડતા હતા. ખચીતજએ ઉપયોગી જનાવર ઘણાજ અસલના વખતથી મનુષ્ય જાતની એક પોલીસ ફોજના જેવી સેવા બજાવતું આવ્યું છે અને તેથી તેની સંભાળ લેવાનું અને તેને સારો ખોરાક આપવાનું ધર્મના ફરમાન તરીકે ગણવામાં આવે તેમાં નવાઇ જેવું કાંઇ નથી.

કુતરાનો ખોરાક—કુતરા પાસે કામ લેવામાં આવતું હતું તેમ તેને પુરતો ખોરાક આપવાની પણ અવસ્તા જમાનાના લોકો પોતાની ફરજ સમજતા હતા. એ પ્રમાણે વંદીદાદની ૧૩) ફરગદના ૨૮) માં ફકરામાં જણાવેલું છે કે અહુરમજદના પ્રાણીઓમાં જેને નાતવાની ઘણી જલદી પોહોંચે છે તે કુત્રો છે કે જે ભોજન કરતા લોકો આગલ ખોરાક વિના ઉભો રહે છે અને જે અહીંથી તહીં (પોષણ) શોધે છે પણ મેલવતો નથી. દુધ, ચરબી અને ગોસ્તનો તેને ખોરાક આપવો. કુત્રા માટે એજ લાયેક ખોરાક છે." વલી કુતરાનું પોષણ છીનવી લેવાને પણ કુતરાની પદવી પ્રમાણેની શીક્ષા ઠરાવેલી છે. જેમકે ગોસ્પંદની પાસબાની કરનાર કુત્રાનું પોષણ છીનવી લેનારને ફરોણીથી ૨૦૦) અને સરઓષોચરનથી ૨૦૦ ફટકા મારવાને ફરમાવવામાં આવ્યું છે.[1]

મુગાં અથવા હડખાયલાં કુતરાની સંભાળ.—જ્યારે કુતરો મુંગો અથવા હડખાયેલો થઈ જાયે ત્યારે તેને માટે કેટલીક સંભાળ લેવાને નીચે પ્રમાણે ફરમાવવામાં આવ્યું છે[2] "લાકડાનો કાપેલો એક કકડો જો તે

૧. જુઓ વંદીદાદ ફ૦ ૧૩. ફ૦ ૨૪.
૨. જુઓ વંદીદાદ ફ૦ ૧૩. ફ૦ ૨૯—૩૩.

સુકકો હોય તો એક ઇંટના કદનો અને લીલો હોય તો તેથી બેવડાં કદનો તેના ગલાં હેઠલ તેઓ મેલે અને તેઓ તેના મોહોડાંને તે સાથે બાંધી રાખે. તેની બંને બાજુઓ સાથે તે બાંધે. પણ જો કોઇ તેને એમ બાંધે નહી અને તે મુંગો તથા હડખાયેલો કુત્રો કોઇ ગોસ્પંદ યા માણસને જખમી કરે તો (તે ગુનેહગાર શખસ) તે જખમના ગુનાહમાટે અઓઘો-વર્સ્તની સજા ખમે. વલી એવો નહી બાંધેલો કુતરો જો કોઇ ગોસ્પંદ કે માણસ ઉપર હુમલો કરીને તેમને જખમી કરે તો તે કુતરાના કાનો, પગો અથવા પુછડી કાપી નાખવાની તેને સજા કરવા ફરમાવી છે.[૧] વલી એવા કુતરાને બાંધી રાખવા ઉપરાંત તેને માટે દવાદારૂ કરી સાજો કરવા કહ્યું છે. પણ જો એવી રીતની સંભાળ અને જતન ન લેવામાં આવે અને જો એવો દીવાનો કુતરો કોઇ ખાડા, હોજ, ખાઇ, નદી કે નાલામાં પડે અને જખમી થાયે તો તે જખમને લીધે અને તે ગુનાહને માટે તે મજ્દયસ્નાનો ગુનેહગાર અને 'પૅષોતનુશ' થાયે છે.[૨] એવી રીતે કુતરાની માંદગી વખતે તેની સંભાળ રાખવાને ખાસ ફરમાન આપવાની જરૂર દેખઇતી છે કેમકે તે એક ઉપ્યોગી જનાવર છે અને તે વખતમાં તે માણસોના તથા બચ્ચા છોકરાંના સબંધમાં ઘણું આવતું હોવાથી જો એવા હડખાયેલા કુતરાની જોઇતી સંભાળ ન લીધી હોય તો કેટલાં ભયંકાર પરીણામો નીપજે.

જુદી જુદી જાતના કુતરાઓ તરફથી પોહોંચતી રીમની.—વંદીદાદની ૫) મી ફરગરદના ૨૯—૩૨ માં ફકરાઓ પ્રમાણે કુતરાની જુદી જુદી જાતોના પ્રમાણમાં તેઓના મરણ પછી તેઓના શરીરના સંબંધમાં આવનારાંઓને 'રીમની' (contamination or pollution) પોંહોચે છે. એ 'રીમની' કુત્રાઓની રહેવાની, કામ કરવાની તથા પવીત્રાઇ સાચવવાની, રીતના પ્રમાણમાં ઓછી વધતી ધસારો કરતી જણાવી છે. એ ગોઠવણ પ્રમાણે જો ઢોરોની ચોકી કરનાર કુત્રો મરણ પાંમે છે તો 'દ્રુજેનસુસ' (pollution) તે મરી ગયો તે વખતે તેની આસપાસ બેઠેલાં માણસોમાંથી આંઠ માણસો ઉપર ધસારો કરે છે અને સાત જણને રીમન અને આઠમાંને 'પતરીત રીમન' કરે છે. એટલે સાત જણાઓ ઉપર તે મરનારની ખરાબી ઘણા વધુ પ્રમાણમાં પોહોચે છે. જ્યારે

---

૧. જુઓ વંદીદાદ ફ૦ ૧૩,ફ૦ ૩૫.
૨. વંદીદાદ ફ૦ ૧૩. ફક૦ ૩૮ મો.

આઠમા ઉપર તો ઘણીજ બુજ ઘસરો કરે છે. એજ પ્રમાણે કુતરાઓની ચહડઉતર જાતો પ્રમાણે ઓછા વધતાં માણસો રીમન અને 'પતરીત રીમન' થાયે છે. વલી જોકે કુત્રાઓ વધુ ઓછા પ્રમાણમાં 'રીમની' પોહોંચાડનારા થઇ પડે છે પણ એજ ફરગર્દના ૩૩—૩૪) માં ફકરાઓમાં જણાવ્યા પ્રમાણે 'ઉરૂપિશ' જાતનો કુત્રો સ્પૅન્તોમઇન્યુશના કોઇબી પ્રાણીને 'રીમન' કે 'પતરીત રીમન' કરતો નથી. હવે એ કુત્રો મરણ પછી કોઇને 'રીમન' કરતો નથી તેનું કારણ શું? એ કુતરાને કેટલાકો વરૂ કે કોહોલું જનાવર તરીકે સમજે છે. હવે જો તે એ જનાવરજ હોય તો ખચીત એ 'ઉરૂપિશ' ઘણું ધાસ્તી ઉપજાવનાર અને નાશકારક જનાવર હોવાથી તે મરણ પામેલું ફાયદાકારક સમજવામાં આવતું હતું અને તેથી તે મુવા પછી કોઇને અડચણ કર્યાને બદલે ફાયેદો કરતું હતું એવું તે લોકો માનતા હતા. એ વિચારને એજ ફરગરદના ૩૫—૩૮ ફકરાઓમાં આપેલા ખુલાસાપરથી ટેકો મલે છે. તેમાં જણાવ્યા પ્રમાણે એક ખરાબ માણસ જીવતાં કરતાં મુવેલો વધારે ફાયેદાકારક છે.

'સગદીદ' કરવાની રીત.—વંદીદાદના કેટલાક ફકરાઓપરથી જણાયે છે કે આપણામાં 'સગદીદ' કરવાની એટલે મુવેલી ચીજો ઉપર કુતરાની નજર પાડવાની રીત અસલના જમાનાથી ચાલુ છે. મુવેલાં કાલબુદને કુતરાની તેમજ કેટલીક જાતના પક્ષીઓની નજર પાડવાની મતલબ એવી દીસે છે કે જેમ કેટલાકો માને છે તેમ એ જનાવરોની આંખોમાં કેટલીક જાતની નજીસાઇ દુર કરવાની એજમતિ શકતિ હોય છે કે જેથી તેઓ મુએલી ચીજો ઉપર નજર ફેંકતાંજ તે ચીજોમાંની ખરાબી ફેલાવવાની અસર દુર થઇ જાયે છે. વંદીદાદની સાતમી ફરગર્દના ત્રીજા ફકરા પ્રમાણે કુત્રો લાસને જોય અથવા ખાયે અથવા માસ ખાનારાં પક્ષીઓ તેની તરફ ઉડી જાયે ત્યાંસુધી તે 'દ્રુજે નસુસ' તે ગુજરેલાં ઉપર રહે છે.[1] જ્યારે કુતરો તે જોય અથવા ખાયે અથવા માંસ ખાનારાં પક્ષીઓ તેની ઉપરથી ઉડી જાયે ત્યારે 'દ્રુજેનસુશ' પશ્ચિમ તરફના ભાગોમાં એક માંખીના આકારમા નાસી જાયે છે. એ ફકરાની સરેહ કરનારા પહેલવી લખનારા જણાવે છે કે માણસ મરે એટલે તુરત તેને 'સગદીદ' કરાવવું જોઇએ. જો કોઇ ઠેકાણે 'સગ' ન મલે તો પછી માંસ ખાનારાં પક્ષીઓને તે લાસની ઉપરથી ઉડારવાં. વલી ફરગર્દ ૮) મીના ૧૪—૧૮ ફકરાઓમાં જણાવ્યા

૧. અએરપત માદનનો તરજુમો પાનું ૮૩. ફુટનોટ ૨) ૭.

પ્રમાણે જે રસ્તેથી ગુજરેલાં કુત્રા અથવા માણસોને લઇ જવામાં આવ્યાં હોયે તે રસ્તેથી પશુઓ તથા ભારબરદારી જનાવરો, મરદો અથવા ઓરતો, અહુરમજદનો આતશ અથવા ક્રીયાથી બાંધેલી બર્સમ નીચે જણાવેલી કુત્રા ચલાવવાની ક્રીયા કીધા વગર જઈ શકે નહીં. પ્રથમ તે રસ્તેથી ચાર આંખવાળા, પીળા કાનવાલા સફેદ કુત્રાને ચલાવવો, ત્રણ વખત, છ વખત કે નવ વખત ત્યાંથી પસાર કરવો, નહી તો અથોરનાનો ફતેહમંદી આપનારા શબ્દો ભણતા (યથા અહુવર્યો તથા કેમના મજદા પઢતા) તે રસ્તે પસાર થાયે ત્યાંસુધી પશુઓ, ઢોરો, માણસો અને ક્રીયાનો સામન પસાર થઇ શકે નહી.

ઉપલા ફકરાઓમાં જણાવેલી 'સગદીદ' કરવાની રીતી અસલના જમાનાથી ચાલુ આવેલી છે અને તેમાં તનદરોસ્તીના સુધારાને લગતા કાનુનોની મતલબ દેખાયે છે.

દારમસ્ટેટર અવસ્તાના એ ચાર આંખવાલા કુતરાને[1] રીગવેદમાના 'કરબેરોસ' (Kerberos) અને 'યમ'ના કુતરા સાથે સરખાવે છે.[2]

ઉદ્ર ઉપાપ.

એ એક પાણીમાં રહેનારૂં જનાવર છે. તેને કેટલાકો પાણીમાં રહેનારી બીલાડી (ottor) સાથે સરખાવે છે વંદીદાદની ૧૩) મી ફરગરદના ૫૧)માં ફકરા પ્રમાણે તો તેને પાણીમાં રહેનારા કુત્રાની એક જાત તરીકે લેખી શકાયે. એ જનાવરને મારયાથી તો પાણીની ટીપણી અને દુકાલ પડે છે અને કેટલીક ખરાબીઓ જન્મ પામે છે.[3] સદદર કેતાબમાં જણાવેલું છે કે જે અહુરના આ પ્યારાં પ્રાણીને મારી નાખે છે તે ગુનેહગાર સુખ મેળવવાની પોતાની ઉમેદ ખોહે છે. માણસને થોડાંજ ઉપયોગી આ પ્રાણીને માટે આટલું બધું ધર્મના જેવું માન બતાવવાનું કારણ શું તે કોઇ બી કેતાબમાં મળતું નથી. બુનદેહેશમાં એને પાણીમાંના દેવોનો નાશ કરનાર તરીખે લેખ્યું છે. એ જનાવરને મારયાથી લાગતા ગુનાહ માટે કેટલીક

---

૧. ચાર આખ વિષે એવો ખુલાસો કરવામાં આવે છે કે આંખની આગલ કેટલીક વેળા જે બે ધાભાં આવે છે તે મલી ચાર આંખ સમજવી (જુઓ ફુતનોટ ૧. અએર્પત માદનનો વંદીદાદનો તરજુમો પાનું ૧૦૪). ૨. જુઓ એ વિદવાનનો વંદીદાદના તરજુમાનો દીબાચો પાનું ૮૬. ૩. વંદીદાદ ફરગરદ ૧૩. ફકરો ૫૨) મો.

જાતની તાજેશ જેવી કે કેટલાંક નાશકારક જનાવરોનો નાશ કરવાની તથા કેટલીક જાતના કીયા કામ કરવાની ફરજો નાખી છે.[1]

અવસ્તામાં આવેલા કુતરાના ઉપલા વર્ણન ઉપરથી માલમ પડે છે કે તે જમાનામાં કુતરો બીજા જનાવર કરતાં વધુ જણાયેલો હતો અને વધુ ઉપયોગમાં આવતો હતો એટલુજ નહી પણ તેની બરદાસ્ત લેવાને ધર્મના ફરમાનોમાં હુકમ આપવામાં આવ્યો છે. વલી બુનદેહેશ કેતાબ પ્રમાણે ઢોરો બચાવવાના તથા માણસો અને જનાવરોના નીમકહલાલ સાથી થવાના તેના ગુણોને લીધે તેને માટે બેહેસ્તનો સઉથી નીચેનો ભાગ મુકરર કરવામાં આવ્યો છે[2]! એથી ઉલટું ડાંકતર ગાઈગરના વિચાર પ્રમાણે મુસલમીનો અને હિંદુઓ કુતરાને અપવિત્ર જનાવર લેખે સમજે છે. મુસલમીનોમાં અને હિદુંઓના રીગવેદમાં તો એ બોલ ઘણોજ ધીક્કાર બતાવવાને વપરાયેલો છે.[3]

વલી એ નીમકહલાલ જનાવર ઘણાજ અસલના વખતથીજ માણુસ જાતના સંબંધમાં આવીને તેનું માનીતું બલકે તેનાથી માન પામતું થયું હતું તે નીચલા હેવાલ પરથી વધું જણાશે.

"નીનેવેહ અને ઈજીપ્તના કોતરકામો પરથી જણાયે છે કે કુતરાને ઘણાજ અસલના જમાનાથી પાલવામાં આવ્યો હતો. ઘણી પ્રજાઓએ પોતાના દેવતાઓને લાગુ પડતા ગુણો દેખાડવાને કુતરા અને તેની મૃતીને પોતાના ધર્મ સંબંધી વિચારોમાં જે જગ્યા આપી છે તે ઉપરથી તેઓ તેને ઘણોજ કીમતી ગણતા હતા એમ જણાય છે. બીજા જનાવરો કરતાં કુતરો માણસનો એક ગરીબ દોસ્ત અને સાથી થાયે છે અને ઘણીક વેળા પોતાના ધણીની દલગીરી અને સુખમાં ભાગ લેતો જણાયેલો છે, અને એજ કારણને લીધે તે પાદશાહનો પ્યારો હજુરીઓ અને ફકીરની રોટીમાંથી ટુકડો મેળવનારો એક સરખી રીતે છે.[4]

મેંઢાં અને બકરાં.

અવસ્તા જમાનામાં મેંઢાની પાંચ જાતો જણાયેલી હતી, તેમાં

---

૧. જુઓ વંદીદાદ ફરગરદ ૧૪ મી.

૨. જુઓ બુનદેહેશ પ્રકરણ ૧૪. ફકરો ૨૮) મો.

૩. જુઓ એ વિદવાનના પુસ્તકનો તરજુમો Vol I, p. 192.

૪. જુઓ Chambers Encyclopædia of Universal Knowledge for the people Vol III. Dog.

કેટલાંક પુછડીવાલા અને કેટલાંક પુછડી વગરના હતા. 'કુરીસ' જાતનો[1] મેંઢો તેની ટેકરીઓપર ચઢવાની સફાઇ, તેના મોટાં શીંગડા અને ઘોડાની ઢપે તેની દોડવાની લઢણને લીધે 'મીનોચેહેર'ના ખાસ ઘોડા તરીકે વપરાતો હતો. (બુનદેહેશ પ્ર. ૧૪ ફકરો ૧૫.)

તે વખતમાં બકરાંની પણ પાંચ જાતો જણાયેલી હતી તેમાં પહાડી અને અરબી જાતના બકરા મુખ્ય હતા.

અવસ્તા જમાનાના લોકો એ બકરાં મેંઢાનો ઘણો ઉપયોગ કરતા હતા તેમાં મુખ્ય કરી એ જનાવરોનું દુધ અને ઉન ઉપયોગમાં લેતા હતા. ડાકતર ગાઈગર' ના વીચાર પ્રમાણે એ અસલી ખેડુતો ઇરાનની આસપાસ આવેલા પહાડો ઉપર ઉનાળાના દહાડામાં પોતાના જનાવરોના ટોલાં ચરાવતા હતા અને શીયાલામાં તેમને ખીણોમાં પાછા આણી ગરમ વાડાઓમાં રાખી ઠંડીથી બચાવ કરતા હતા. એજ વખતે તેઓ 'અઇયા થ્રેમ' ગહમબાર પાળતા હતા, અને તે વખતેજ મેંઢા મેંઢીને સાથે ભેળાવા દેતા હતા. એ વખત લગભગ સપતેમ્બરની આખેરીનો હતો. તે બકરાંઓને એ થંડીના મહીનામાં ચોકસ રીતે બાંધેલા તબેલાઓમાં રાખતા હતા અને એવા તબેલા બંધાવી આપવાનું સવાબનું કામ ગણાતું હતું.[2]

ગાય, બલદ અને ગોધો.

એ જનાવરોને બુનદેહેશ કેતાબ પ્રમાણે બલદના વર્ગમાં ગણેલાં છે. ગાયેને માટે જોકે અવસ્તામાં ઘણું બ્યાન મળતું નથી તોપણ તે જમાનામાં તે પુરતી જાણીતી હતી. તે બલદ તથા ગોધાની માતારીકે તથા મનુષ્ય જાતને દુધનો ખોરાક આપનારી તરીકે વખણાતી હતી. વલી તેના એવા પોષણ આપનારા ગુણોને લીધે પૃથવીને એક ગાયના આકારમાં ગાથાવાણીમાં ચીતારેલી છે.

બલદ એ પણ ભારબરદારી જનાવર તરીકે તથા ખેતીવાડીના કામમાં વપરાતો હતો.

ગોધા પાસે જોકે કાંઇ ચોકસ કામ કરાવવામાં આવતું હોયે એમ જણાતું નથી તોપણ તે કેટલીક પ્રજાઓમાં ભોગ આપવાના જનાવર

---

૧. જુઓ દસ્તુર દારાબે કીધેલો એ વિદ્વાનનાં પુસ્તકનો તરજુમો Vol I Page 187.

૨ વંદીદાદ ફરગરદ ૧૪ ફ. ૧૪ માં એ તબેલો નીચે પ્રમાણેનો હોવો જાઇએ. ઉપલા ભાગમાં બાર, વચલાં ભાગમાં નવ અને નીચલા ભાગમાં છ વીતાર જેટલો તે હોવો જોઇએ.

તરીકે જણાયેલો છે. અવસ્તામાં તીસ્ત્ર સેતારાને 'સોનેરી શીંગડાવાલા ગોધાનાં આકારમાં રોશણીવાલી જગ્યામાં ફરતો કહેલો છે.[૧] વલી ઘોડાઓની માફક ગોધાઓને પણ અસલી ઈરાની પાદશાહો યજત અમશાસ્પંદોને અર્પણ કરવાને લાયેક ગણતા હતા.[૨] ઈજીપશીયન લોકો ગોધાને કેટલો પવીત્ર ગણતા હતા અને તેની કેવી રીતે આરાધના કરતા હતા તે નીચલા હેવાલપરથી જણાશે.[૩]

"ગોધાના આકારમાં આરાધના પામતા ઈજીપશીયનોના એક દેવતાને 'એપીસ' (Apis) કેહેવામાં આવે છે. ઇજીપશીયનો એવું માનતા હતા કે તેમના દેવતા ઓસીરીસનો આત્મા એક બલદની અંદર ગુજર થયો હતો જ્યાં તે રહેવાને ઘણો ખુશી હતો કારણકે એ જનાવર ખેતીવાડીને માટે ઘણુંજ ઉપયોગી હતું કે જે ખેતીવાડીનો હુન્નર તેણે (ઓસીરીસે) ઈજીપ્તમાં દાખલ કર્યો હતો. ચોકસ નીશાનીઓવાલા બળદને તેઓ 'એપીસ' દેવતા તરીકે માંનતા હતા. એ 'એપીસ'નો તેહેવાર સાત દહાડા સુધી ચાલુ તેઓ પાલતા હતા અને તે વખતે બળદને ધર્મગુરૂઓના એક ગંભીર સરઘસમાં ફેરવવામાં આવતો હતો, અને દરેક જણ તેને પોતાના ઘેરમાં લેવાને ઘણુંજ આતુર રહેતું હતું અને એવું પણ માનવામાં આવતું હતું કે જે છોકરાં તેનો સ્વાસ સુંગવાને નસીબવંત થતાં તેઓને ભવિષજ્ઞાન પ્રાપ્ત થતું હતું. એવા બળદને તેના મરણ પછી તેના શરીરમાં ખુશબોઈ ભરીને ઘણીજ ગંભીરાઇથી 'મેમફીસ' શેહેરમાં ભુમીદા કરવામાં આવતો હતો. તેના મરણ પછી આખા ઇજીપ્તમાં જાણે 'ઓસીરીસ' મરી ગયો તેમ રડાકુટ અને કલાપીટ ચાલી રહેતી અને ધર્મગુરૂઓ અત્યંત શોકની નીશાની તરીકે પોતાના માથાં મુંડાવી નાખતા હતા. જ્યાંસુધી જોઈતી નીશાનીઓવાલો બળદ મળી નહી આવતો ત્યાંસુધી, એવી હાલત ચાલુ રહેતી પણ જ્યારે એવો બળદ હાથ લાગતો ત્યારે જાણે 'ઓસીરીસ' જીવતો થયો હોય તેમ ખુશીખુરમી ફેલાઈ રહેતી હતી. વળી એવું પણ કહેવાયે છે કે જ્યારે 'કમબાઇસીસ' ઈજીપ્તમાં ચઢી આવ્યો ત્યારે ત્યાંનાં લોકો 'એપીસ'નો તેહેવાર ઘણીજ મોજમજા અને ખુશીખુરમીમાં પાલતા હતા, જેથી તેણે પોતાને ઘણુંજ અપમાન થયેલું સમજીને 'એપીસ'ના ધર્મગુરૂઓને પોતાની હજુરમાં બોલાવી મંગાવ્યા અને ખુદ તે દેવતાને પણ પોતાની

---

૧ જુઓ તીરયસ્ત કરો ૧૬મો ૨. મેહેરયસ્ત કરો ૧૧૯. ૩. જુઓ Lempri-eres Classical Dictionary માં આપેલો Apis નો હેવાલ.

નજદીકમાં લાવવાનો હુકમ કીધો. જ્યારે તેણે જોયું કે એક બળદને તેઓ એટલું બધું માન આપતા હતા ત્યારે તેણે તે બળદને જાંગપર એક જખમ કર્યો અને ધર્મગુરૂઓને શીક્ષા ફરમાવી અને જેઓ તે તેહેવારમાં ભાગ લેતા હોય તેમને કાપી નાખવાનો પોતાના સીપાઈઓને હુકમ કીધો. એ 'એપીસ' દેવતાને માટે બે તબેલા બલકે મંદીરો રાખવામાં આવતાં હતાં. જો તેને આપવામાં આવતું તે હાથમાંથી ખાતો તો તે સારા સગનની ઈધાણી સમજવામાં આવતી હતી, પણ જો તે ના કબુલ કરતો તો તે અપસગણની નીશાની સમજવામાં આવતી."

ઉપર આપેલાં વર્ણનપરથી માલમ પડશે કે ઈજીપ્તમાં જનાવરોની આરાધના ઘણીજ હદ બહાર ગયેલી હતી. વલી ઉપલા વર્ણનપરથી બીજું એ જણાયે છે કે જ્યારે ઇજીપશીયનો એવા ઉતરતી પંકતીના જનાવરોને દેવતા તરીકે માનતા હતા અને તેઓપર મરી ફીટતા હતા ત્યારે ઇરાનીઓ એવી હલકી વરણના એકીનને ધીક્કારની નજરે જોતા હતા, અને તેનો પુરાવો પણ ઉપલાજ હેવાલમાં મલી આવે છે, કારણ કે 'કમબાઇસીસ' જેવો ઇરાની રાજા પણ એવી જાનવરી આરાધનાથી ગુસ્સે થઇ ગયો હતો અને પોતાનો તે ગુસ્સો ઘણોજ કૃરતાથી દેખાડયો હતો.

ડુક્કર.

એ જનાવરને આગલ કહી ગયેલા અવસ્તા તથા બુનદેહેશમાં જણાવેલા કોઈપણ વર્ગમાં ગણવામાં આવ્યું નથી. એ વિષે મુખ્ય ઇસારો 'જાદસ્પરમ' માં કીધેલો મલે છે, તો જોકે એ જનાવર અવસ્તા જમાનામાં ઘણું જણાયેલું લાગે છે.

"જેની (મીથ્રની) આગમજ મજદનો પેદા કરેલો, વૅરેથ્રગ્ન કુદકા મારતા, તીક્ષણ દાંતોવાળા તીક્ષણ પંજાવાળા, એકજ ઝટકે મારી નાખનાર, ચરબીવાળાં, જોરેમંદ, ગુસ્સે થયેલા, હુમલો કરવા માટે તૈયાર, સેતાબ ચાલના, લોખંડના પગોવાળાં, લોખંડના હાથોવાલાં લોખંડના પંજાવાળા, લોખંડની પુછડીવાળાં, અને લોખંડના ડાચાંઓવાળાં ભુંડના આકારમાં ધસ્તો કુંચ કરે છે." [1]

ઉપલા ફકરાપરથી જણાયે છે કે એ જનાવરની કેટલીક ખાસ્યતો અવસ્તા જમાનામાં જણાયેલી હતી અને એ જનાવરને તે વખતે ઘણો

1. જુઓ મેહેર યસ્ત ક૦ ૭૦)

મોટો દરજ્જો આપવામાં આવતો હશે કારણ કે તેના આકારમાં એક ફરેસ્તાને આવતો દેખાડવામાં આવ્યો છે, જ્યારે હાલના વખતના જરથોસ્તીઓ એ જનાવરને ઘણુંજ હલકું અને નજીસ પ્રાણી તરીકે સમજે છે.

પ્રકરણ ૪ થું.

પક્ષીઓ.

અવસ્તામાં પક્ષીઓને માટે '...' અથવા '...' બોલો વપરાયેલા છે. બુનદેહેશ કેતાબ પ્રમાણે પક્ષીઓને ૧૧૦) જાતોમાં વેહેંચી નાખેલાં છે.[1] તેમાંના નીચલી જાતોના નામો એ પુસ્તકમાં મળે છે. 'સીમૃગ' કરશીપ્ત, ગરૂડ પક્ષી, 'કહરકાસ' (ગીધ) કાગડો, અરદા (Crane) મરઘો અને વાઘલું. એ ૧૧૦) જાતોને આઠ ભાગોમાં વેહેચી નાખેલી છે પણ તેઓના નામો મળતાં નથી. ઉપર આપેલાં નામોમાં હાલમાં જણાયેલાં કેટલીક જાતોના પક્ષીઓના નામો નથી, એટલુંજ નહી પણ એઓમાં પણ કેટલાંક પક્ષીઓને પુરાણોકત (Mythological) તરીકે માનવામાં આવે છે. એઓમાંના જેટલાનું થોડુંઘણું વર્ણન મળે છે તે નીચે આપીશું.

મરઘો.

એ પક્ષીને અવસ્તા જમાનામાં ઘણી રીતે ચહાવામાં તથા માન આપવામાં અને ઉપયોગી ધારવામાં આવતું હતું, કારણ કે તે જમાનામાં વહેલું ઉઠવાનું અને જલદી કામ ધંધે જવાનું ઘણું માનભરેલું ધારવામાં આવતું હતું અને મરઘાની ખાસ્યત પણ સવારના પોહોરમાં પોકાર મારીને સુતેલાંઓને ઉઠાડવાની હોવાથી એ પક્ષીને જાણે કુદરતી આગાહી ધરાવનારૂં સમજવામાં આવતું હતું, અને તેથી તેને અવસ્તામાં ઘણું પવિત્ર ગણેલું છે- સરોશ યજતના કાસદ[2] તરીકે તેને ગણેલું છે. ત્યાં તેને 'પરોદર્શ' નામથી ઓલખાવ્યું છે. વલી શાયેસ્ત–લા–શાયેસ્ત કેતાબના ૧૦) માં પ્રકરણના ૯) માં ફકરા પ્રમાણે તે 'વોહુમનો' (બેહેમન) નું પણ એક પ્યારૂં પંખેરૂં છે. વલી એ 'પરોદર્શ' પક્ષીને કેટલાકો

---

૧. જુઓ બુનદેહેશ પ્રકરણ ૧૪ મું ફકરો ૨૩) મો.

૨. જુઓ વંદીદાદ ફરગરદ ૧૮ ફકરો ૧૪. મો

'કર્હકતાશ' ના ધીક્કાર ભરેલા નામથી ઓલખાવે છે.[1] એ પક્ષીને બામદાદનું ઝઝકલું પાછું આવતાં બુલંદ અવાજે નીચે પ્રમાણે પોકાર કરતું સમજવામાં આવે છે:—"અએ માણુસો ઉઠો, સંપૂર્ણ પવિત્રાઈને વખાણો કે દેવો મરણ પામે, લાબાં હાથોવાળી દેવી બુષ્યાંસ્ત તમારી ઉપર ધસે છે. તેણી બામદાદની વખતે જાગ્રુત થયલી તમામ હાડમંદ દુન્યાને પાછી ઉંઘમાં નાખવાને ઈચ્છે છે. ઓ માનવી લાંબી ઉંઘ તને સજાવર નથી."[2] હવે આ પક્ષી તે આપણો સાધારણ મરઘો છે તેમાં કાંઈ શક નથી. બુનદેહેશ પ્રમાણે મરઘાને દેવો તથા જાદુગરોની સામે કુત્રાની સાથે મદદગાર તરીકે પેદા કરેલો છે. વલી ઇરાનના પુરાતન રાજાઓની મીરખોન્દની તવારીખમાં જણાવવામાં આવે છે કે ઈરાનીઓના વિચાર પ્રમાણે જે ઘરમાં મરઘો હોય છે ત્યાં કોઇ દેવ દાખલ થતો નથી અને વલી જો કોઈ દેવના મકાન તરફ એ પક્ષી જાયે છે અને ત્યાં તે કીરતીમંદ અને બુલંદ કીરતારની વખાણમાં પોતાની જબાંન ખુલે છે. તો તેજ પલે તે બુરો નહાસવા માંડે છે.[3]

દાકતર ગાઇગરના વિચારો પ્રમાણે એ પક્ષી ખુદ ઇરાન જમીનનું રહેવાસી છે કારણ કે તે કહે છે કે ગ્રીક લોકોની વારતા અને નાટકોમાં તેને ઈરાની પક્ષી (Persian Bird) તરીકે એટલા નજદીકના વખતમાં પણ ઓલખવામાં આવ્યું છે.[4]

આલસુઓ અને ઉંઘણસીઓ એ પક્ષી તરફ ધીક્કારની નજરથી જોયે તેમાં નવાઇ જેવું નથી. તેઓ તેને ધીક્કારથી 'કહરકતાશ' અથવા 'કરેતો દાંસું' કરી કહેતા હતા. રીગવેદમાં પણ મરઘાને ઘણા ધીક્કારથી 'કીક-દાંસુ'ના નામથી ઓલખાવ્યો છે.[5] એક ઉંઘણસી હીંદુ કવી એ નામથી મરઘાને તેમજ જે ચીજો જેવી કે ગધેડાંનું ભુકવું, પવનનું ફુંકવું ઝાડપાનનું ખખડવું અને મરઘાનું કુકરેકુક કરવું તેની ઉંઘમાં ખલલ કરતી તેને શ્રાપ દે છે.[6]

' ઓ ઇંદ્રા જે ગધેડું બીહીક લાગે એવી રીતે ભુંકેછે, તેને મારી નાખ, 'કુનદ્રીનાચી' પક્ષીનો અને જંગલમાં પાંદડાં ખખડાવતા પવનનો

૧. જુઓ એજ ફરગરદનો ૧૫ મો ફકરો.
૨. વંદીદાદ ફરગરદ ૧૮ ફકરો ૧૬ મો
૩. જુઓ અએરપત માદનનો વંદીદાદનો તરજુમો ફર. ૧૮ ફકરા ૧૫ની ફુટ નોટ ૪ થી.
૪. એ વિદવાનના રેસાલાનો તરજુમો vol. Page 189.
૫. એ વિદવાનના રેસાલાનો તરજુમો Vol. I. Page 191.
૬. જુઓ દાકતર ગાઈગરનો ઇરાની સુધારાના રેસાલાનો તરજુમો Vol. 1. Page 191

નાશ કર, દરેક અવાજ કરતી ચીજોને મારી નાખ અને 'ફ્રીકદાંસુ' (મરઘો) પક્ષીને શ્રાપ દે! (રીગવેદ ૨૯,૫,૭)

વલી અસલના લોકો મરઘાને મંગલનો (Mars) સાથી ગણુતા હતા અને મારામારી, ગુસ્સો અને પંચાતી તથા ફતેહની નીશાની તરીકે તેને સમજતા હતા. સંભાલ તથા બચાવની નીશાની તરીકે તેઓ ઘણા અસલના જમાનાથી પોતાના દેવલોની ટોંચો ઉપર તેનું બાવલુ મુકતા હતા.[1]

સીમૃગ.

એ પક્ષીને માટે અવસ્તામાં 'સએન' અથવા 'મેરોગો સેનો' (બેહેરામ યશ્ત ૪૧) અને પહેલવીમાં 'સેના મુરૂક' બોલો આવેલા છે. તે ઉડતાં પક્ષીઓમાં સઉથી મોટું પક્ષી છે.[2] એ પક્ષી વાઘલાંની માફક પોતાની છાતીમાંથી પોતાના બચ્ચાને ધવરાવે છે, અને તે વાઘલાંની માફક ત્રણ જાતના ખવાસવાલું છે. તેમાં એક કુતરાનો ખવાસ. બીજો પક્ષીનો અને ત્રીજો કસ્તુરી ધરાવનારાં પ્રાંણીની જાતનો ખવાસ ધરાવે છે કારણ કે તે પક્ષીની માફક ઉડે છે, કુતરાની માફક ઘણા દાંત ધરાવેછે અને કસ્તુરી ધરાવનાર પ્રાણીઓની માફક દરમાં ભરાઇને રહે છે.[3]

'મીનોઇ ખેરદ'માંથી એ પક્ષી વિષે નીચલું બ્યાન મલે છે.[4]

"સીમૃગનો માલો નુકશાન નહી કરનારા અને ઘણા બીઆંવાલાં ઝાડ ઉપર છે.[5] જ્યારે તે ઝાડ ઉપરથી તે પક્ષી ઉડી જાયે છે ત્યારે તે ઝાડપર હજાર દાંખલીઓ ફુટી નીકલે છે અને જયારે તે તેની ઉપર પાછું આવીને બેસે છે ત્યારે તે દાંખલીઓ ભાંગી નાંખીને તેમાના બીઆં તુપી ખાયે છે." આ એક ઘણુંજ ભેદભરેલું લખાણ છે ખરૂં પણ એમાં કાંઇ મતલબ સમાયેલી લાગે છે જે 'ગુપ્ત વિધ્યા'ના અભ્યાસીઓએ સમજાવવાને મહેનત કરવી જોઇએ.

---

૧ જુઓ Chamberses Ency. of Universal knowledge for the People Vol. III. cock.

૨ બુનદેહેશ પ્ર. ૧૪. ફ ૧૧.

૩ બુનદેહેશ પ્ર. ૧૪. ફ. ૨૪

૪. મીનોઇ ખેરદ પ્ર ૬૨. ફ. ૩૭

૫. એ ઝાડ વિશે બુન્દેહેશ કેતાબનાં ૧૮)માં પ્રકરણમાં એમ જણાવેલું છે કે એ ઝાડ 'ગોકેરન' ઝાડની પાસે વોઉરૂકશ દરીઆમાં ઘણીક જાતની ખુબીઓ ધરાવતું ઉભેલું છે.

વળી એ પક્ષીના પીછાંમાં કેટલોક વિચીત્ર ગુણ સમાયેલો ધારવામાં આવે છે. શાહાનામામાં જણાવવા પ્રમાણે સામના છોકરા ઝાલને એક સીમૃગે પાલીને મોટો કીધો હતો અને તે પોતાના બાપને પાછો સ્વાધીન કરતી વખતે એક પીછ આપ્યુ હતું કે જે પીછને મુસકેલીની વખતે બાલ્યાથી તે સીમૃગે ઝાલની મદદે આવવાની કબુલાત આપી હતી તે પ્રમાણે રૂસ્તમની મા 'રોદાબે'નું પેટ ચીરીને રૂસ્તમને કાઢવામાં આવ્યો હતો તે વખતે એ સીમૃગના પીછા તે જખમ ઉપર ફેરવ્યાથી તે રૂજાઇ ગયો હતો. વલી અસ્પંદીયારને હાથે રૂસ્તમને લાગેલા જખમ ઉપર પણ એજ ઉપાયે કામે લગાડવામાં આવ્યો હતો. હવે એ પક્ષી હાલમાં આપણને મલતું નથી અને કેટલાકો કહે છે તેમ એ તો નામજ ધરાવવા ઉપરાંત હૈયાતી ધરાવતું નથી. એને એક પુરાણોકત (Mythological bird) પક્ષી તરીકે માનવામાં આવે છે.

કરશીપ્ત.

એ પક્ષીને બુનદેહેશના ૨૪)માં પ્રકરણ પ્રમાણે પક્ષીઓનું વડું ગણેલું છે. એ પક્ષી વિષે કહેવામાં આવે છે કે તેને બોલવાની શક્તિ બક્ષેલી હતી. તે જમશેદે બનાવેલા ગોશામાં ધર્મ લાવ્યું હતું, અને પક્ષીઓની ભાષામાં તે અવસ્તા પઢયું હતું![1] આ પક્ષી તે કયું તે જણાતું નથી પણ એને સાધારણ પક્ષી માની લેવા કરતાં એઓ કાંઈ ઉંડા ભેદ ભરમો દેખાડવાને વપરાયેલાં હોય એમ લાગે છે જે ભરમો હવે ખુલ્લા થવા જોઇએ. એવા ભરમો સમજાવવાને યોગ વિદ્યાના અભ્યાસીઓએ તસ્દી લેવી જોઈએ. એવો એક ભરમ સમજાવવાને આપણા ટોળાના એક વિદ્વાન જડજ સાહેબે તસ્દી લીધી છે તે પાછલ આવતાં 'કરમાહી' ના ખુલાસા ઉપરથી જણાશે.

વારેંગ્ન.

એ પક્ષી વિષે બેહેરામ યસ્તમાં નીચે પ્રમાણે બ્યાન મલે છે. "તેની તરફ અહુરનો પેદા કરેલો વેરેથ્રગ્ન સાતમી વાર વારગ્ન પક્ષીના આકારમાં ધસ્તો આવ્યો જે (પક્ષી) (શરીરના) નીચલા ભાગમાંથી ઉંચે જાયે છે અને ઉપરના ભાગમાં જખમ કરવાને કોશેશ કરે છે, જે સઘલા પક્ષીઓમાં ઘણુંજ સેતાબ (ઉડનારૂ) તમામ ઉડનારાઓમાં ઘણુંજ હલકું છે. જે

૧. જુઓ બુનદેહેશ પ્રકરણ ૧૯ ફ. ૧૬.

એકલું તમામ પ્રાણીઓમાં સેતાબ પગલાંથી જાયે છે. તેજ અને બીજું કોઇ નહીં સારા ઘોડા જોડેલી (ગાડીની મીસાલે) જાયે છે. જે ઉગતી બામદાદના પહેલાં કીરણો તરફ ખુશાલી ભરેલું અને રાત અંધારાં વિનાની તથા પેહેલી નબલી રોશણી બામદાદનાં જેવી પ્રકાશીત થાયે એવી ઇચ્છા કરતું જાયે છે. પક્ષીઓના રાગો સાંભલવાની ખાહેશથી તે ડુંગરાઓની બાજુઓ, પાહાડોની ટોંચો, ખીણોના ઉંડાણમાં, ઝાડોની ઉંચાઇએ ચહડે છે." એ પક્ષીને કેટલાકો ગરૂડ પક્ષી તરીકે પણ ધારે છે.[1] વળી તેના પીછાંમાં પણ સીમૃર્ગના પીછાના જેવો એજમતી ગુણ છે. જ્યારે જરથુસ્ત્ર અહુરમજદને પુછે છે કે દુશમનોના મંત્રો અને બુરા આપોની ખરાબીમાંથી બચવાનો ઉપાય શું છે ત્યારે તેને કહેવામાં આવે છે કે પુષ્કળ પીછાઓથી ઢંકાયલી પીઠવાલા પક્ષી વારઘ્નનું એક પીછું તું મેળવ. તે પીછાં વતી તારા શરીરને તું મસલ, તે પીછાંવતી તારા હરીફ સામે તું મંત્ર ભણ.[2]

ચામરોસ.

એ પક્ષી તે ફરવરદીન યસ્તનું ચમ્રુ પક્ષી છે. એ પક્ષીની સાથેનું સાથેજ અમ્રુ પક્ષીને પણ યાદ કરવામાં આવે છે. મીનોઇ ખેરદના ૬૨) માં પ્રકરણમાં તેને પક્ષીઓમાં વડું ગણેલું છે અને તેને વિષે નીચે પ્રમાણે વર્ણન મલે છે:—

"તે સીમૃગ પક્ષીના ઝાડ આગલ ઉતરે છે અને તે ઝાડપરથી વિખરાઇ ગયેલાં બીયાં એકઠાં કરીને જ્યાં તીશતર પાણીને પકડે છે ત્યાં તે તેમને પાંથરી આવે છે જેથી તે બીયાંઓ પાણીની સાથે તીશતરની મારફતે ઉપર ચઢીને વરસાદની સાથે જમીન ઉપર પડે છે." એ હેવાલ પણ ઘણો વિચીત્ર લાગે છે પણ તેમાં બી કાંઇ ભેદ હશે. વલી બુનદેહેશના ૧૯) માં પ્રકરણ પ્રમાણે એ પક્ષી ઇરાની મુલકો ઉપર ચઢાઇ લાવતા પારકા દેશોને અનાજના કણસલાની માફક ટુંપી નાંખે છે![3]

વરેશ.

એ એક શીકારી પક્ષી લાગે છે. બુનદેહેશના ૧૪)માં પ્રકરણ પ્રમાણે અહુરમજદ એ પક્ષીને નીચે પ્રમાણે કહે છે:—"આ 'વરેશ' પક્ષી

૧. જુઓ અરવદ અર્પત માદનનો યસ્તોનો તરજુમો. પાનું ૧૬૯ ફુટનોટ. ૧ લી.
૨. જુઓ બેહેરામ યસ્ત ફ૦ ૩૫.
૩. જુઓ Dr. West's Pehlvi Text Vol. II. Page 378. foot note.

તુંને મેં પેદા કર્યું છે તોપણ તું મારા કરતાં બુરા મીનોની મરજી પ્રમાણે વધારે ચાલે છે ત્યારે મને ઘણોજ ગુસ્સો લાગે છે. એક પાપી માણસ જેમ દોલતથી સંતોષ પામતો નથી તેમ તું પણ પક્ષીઓનો ઘાણ કાઢવાથી સંતોષ પામતું નથી, પણ જો મેં તને પેદા કર્યું ન હતે તો તે બુરોમીનો એક ઝુપડાંના જેટલા કદની સોડી (kite)ના આકારમાં તને પેદા કરતે જેથી મારૂં એક પણ પ્રાણી જીવવા પામતે નહી.[1] એ પક્ષીને કેટલાક વિદ્વાનો હાલમાં જણાયેલું બાજ (hawk) પક્ષી તરીકે સમજે છે કેમકે અવસ્તાનો 'વા' તે ફારસીનો 'બા' તરીકે લઈને ફારસી 'વાસહ' અથવા 'બાસહ' એટલે બાઝ પક્ષી તરીકે સમજાવે છે. વલી દારમસ્ટેટર એ પક્ષીને રાક્ષસી 'કામા' પક્ષી સાથે સરખાવે છે, જે પક્ષીએ દુન્યાને છાંયો કરી નાખ્યો હતો અને જ્યાંસુધી નદીઓ સુકાઈ ગઇ ત્યાં સુધી વરસાદને અટકાવી રાખ્યો હતો અને જેને મારી નાખવાનું મહા પ્રાક્રમ કેરેસાસ્પે કરી બતાવ્યું હતું ![2]

હવે અહુરમજદે એ 'વરેશ' પક્ષીને કહેલા સખુનો ઉપરથી અનુમાન એ કાઢી શકાયે છે કે આ દુન્યામાં ખરાબ ચીજ પણ કંઇ ફાયેદાને માટેજ હૈયાતી ભોગવે છે જેમ અંગ્રેજીમાં કેહવત ચાલે છે Evil is sometimes for the good તેમ એ શીકારી જનાવરોને પણ હૈયાતી આપવામાં દુન્યાનો ફાયેદોજ ધ્યાનમાં રખાયેલો છે. બુનદેહેશના ૧૯) માં પ્રકરણના ૩૬) માં ફકરામાં કહેલું છે કે અહુરમજદે કાંઇપણ ચીજ નકામી બનાવી નથી પણ સઘલી ચીજો એક અથવા બીજો ફાયેદો કરે છે, પણ જ્યારે કેટલીક એકકથી ઉલટી દેખાતી ચીજો સાધારણ માણસોને સમજ ન પડે ત્યારે તે વિષેની પુછપરછ દસ્તુરો એટલે વિદ્વાનો પાસે કરવી અને તેઓના ખોલાસા સમજવા.

પ્રકરણ ૫ મું.

માછલી.

માછલીઓને બુનદેહેશ[3] પ્રમાણે દસ જાતોમાં વહેંચી નાખવામાં આવેલી છે. તેમાં પહેલી 'અરીઝ' બીજી 'અરઝુવ,' ત્રીજી અરઝુક, ચોથી

---

૧. જુઓ બુનદેહેશ પ્રકરણ ૧૪ ફકરો ૩૦) મો.

૨. જુઓ ડોકતર વેસ્તનો બુનદેહેશનો તરજુમો. પ્રકરણ ૧૪. ફ૦ ૩૦. ફુટનોત ૧)લી.

૩. બુનદેહેશ પ્રકરણ ૧૪ મું.

'મરઝુક' અને બીજી કેટલીક જાતો છે. એ જાતોમાં 'કર' અને 'વાસે પંચાસદ વરાન' (પાંચસો ભીંગડાંવાલી) માછલીઓ વિષે કેટલુંક વર્ણન એ કેતાબમાંથી મળે છે.

'કર' માછલી,

બુનદેહેશના ૧૮) માં પ્રકરણ પ્રમાણે એ માછલીને 'ગોકેરેન' ઝાડને એહેરેમને પેદા કીધેલા દેડકાના નાશથી બંચાવવાને અહુરમજદે પેદા કીધી છે. તેઓની સખ્યા દસની છે અને દરેક જણ તે દેડકાની સામે મોહું રાખીને તે ઝાડની આસપાસ ફરતી ફરે છે. તેઓનું મીનોઇ ખોરાકથી પોષણ થાયે છે, અને 'ફ્રશો કેરેન્તી'ના વખત સુધી તેઓ એજ પ્રમાણે તે દેડકા સામે લડાઈ કરતી રહેશે. બુનદેહેશના ૧૪) માં પ્રકરણના ૨૬) માં ફકરા અને ૨૪) માંના ૧૩) માં ફકરામાં એ માછલીને 'અરીઝ'ના નામથી ઓલખવામાં આવી છે. એ માછલી માટે એવું કહેવામાં આવ્યું છે કે તેઓ અહુરમજદના પ્રાણીઓમાં સઉથી મોટી છે અને તેમની અને દેડકાની વચ્ચે પાંચસો ભીંગડાવાલી માછલી શીવાયે જોબી કાંઇ ચીજ આવે છે તો તેઓને પોતાના જડબાંથી તેઓ ચીરી નાંખીને કકડે કકડા કરી નાંખે છે. વલી એ માછલીઓની જોવાની શકતિ એટલી તેજી છે કે એક સોયેના જેટલી પાણીમાં થતી ભરતી કે ઓટ તેઓ પારખી શકે છે.[1] એ કર માછલીને જરથુસ્ત્ર જ્યારે એહેરેમનની લાલચો તેનાપર આવી પડે છે ત્યારે બીજી ઘણીક ચીજો સાથે યાદ કરે છે[2]

હવે એ 'કરમાછલી' ને માટે થીઓસોફીસ્ત ચોપાન્યામાં એક પારસી ગ્રહસ્થ નીચે પ્રમાણે કેટલીક સમજણ આપે છે જે કેટલુંક ધ્યાન પુગાડવા જોગ છે.

"વંદીદાદ ની 'કરો મસ્યો' તે કરમાછલી છે. અવસ્તામાં 'મસ્યો' એ બોલ માછલીને માટે વપરાયે છે, પણ 'કર' વિષે હજુર સુધી બરાબર સમજણ પાડવામા આવી નથી. એ 'કર' બોલનો 'જોવું' અથવા 'સંભાલવું' એવો એક અર્થ થઈ શકે, અને બુનદેહેશમાં પણ તેને પેલા દેડકાની હમેંશા સંભાલ રાખતી કહેલી છે. ત્યારે એ 'કરમાછલી'

---

૧. જુઓ બુનદેહેશ. પ્ર ૧૮) ફ૦ ૬ ઠો.

૨. જુઓ વંદીદાદ ફ૦ ૧૯. ફ. ૪૩

ને 'સફેદ હોમ' એટલે જીંદગીના ઝાડ તથા અમરશ્રીને નાશમાંથી સંભાળ કરનારાં કોઈ મીનોઇ તત્વ તરીકે સમજી શકાયે. સાધારણ રીતે એ 'કરમાછલી' ને સ્પેનામીનો અને દેડકાને અઙ્ગ્રમીનો અને હોમને જીંદગીનું ઝાડ તરીકે લઈ શકાયે અને માછલી અને દેડકાની લડાઇને આ દુન્યાની લડાઇ સમજી શકાયે કે જ્યાં માછલી જીંદગીના ઝાડને દેડકાની ખરાબીથી અટકાવી શકે છે. એવું માછલીનું અલંકાર આપવાની મતલબ શું? કેટલીક અસલી પ્રજાઓની દંતકથામાં ઈશ્વરી જ્ઞાનને પોહોચેલાઓને માછલીના છોકરા કહેવામાં આવ્યા છે. વલી જરથોસ્તની માનું નામ 'દુગધર' એટલે માછલી કરી હતું. એટલે કે તેણીનો છોકરો જરથુશ્ત્ર ઈશ્વરી જ્ઞાનને પોહોચ્યો હતો અને દુન્યાના લોકોમાં તેનો ફેલાવો કરવાને આતુર હતો."

એ ઉપલી સમજણ આ ઠેકાણે ટાંકવાની મતલબ એટલીજ છે કે આપણી ધર્મ પોથીઓમાં જે કેટલીક બાબદો નહી સમજ પડે એવી અને પહેલી નજરે હસી કાઢવા જેવી લાગે છે તેના પણ ઘણાક ખોલાસા હશે જે જો જાહેરમાં આવે તો ખચ્ચીત જરથોસ્તી ધર્મની ઉંડી ફીલસુફીપર વધુ અજવાળું પડે.

વાસે પંચાસદ્વરાન.

કરમાછલી પછી બીજી મોટી માછલી ઉપલા નામની છે. એ નામના ધાતુ અર્થ ઉપરથી પાંચસો ભીંગડાવાલી માછલી તરીકે એને ઓલખી શકાયે. એ માછલી વોઉરૂકશ દર્યામાં વસે છે અને તેની લંબાઇ એક માણસ સવારથી તે સાંજ સુધી જેટલી લંબાઈએ ચાલી શકે તેટલી છે, અને તે માછલી પોતાની લંબાઇ જેટલી પણ ફરી શકતી નથી. તેણીની સરદારી હેઠલ પાણીમાં રહેનારા બીજાં પ્રાણીઓ છે.[1] દાકતર સ્પીગલ એને ૫૦) પાણીના ઝરાવાળું કોઈ કલ્પિત મુકામ ગણે છે.

પ્રકરણ ૬ ઠું.

ખ્રફ્સ્તરો.

જરથોસ્તી ધર્મની ફીલસુફી દરેક ચીજમાં લાગુ પાડવામાં આવેલી હોવાથી સારી ખાસ્યતો તથા ગુણો ધરાવનારાં અને મનુષ્યજાતને ફા-

[1] બુનદેહેશ. પ્રકરણ ૧૮, ફ. ૭—૮.

પેદા કરનારાં જનાવરોને હોરમજદની પેદાસ તરીકે ગણેલાં છે ત્યારે ખુરી અને નાશકારક ખાસ્યતોવાળાં પ્રાણીઓને હેરેમનની પેદાસ તરીકે જણાવેલાં છે. અઙ્ગ્રેમઇન્યુશના પેદા કીધેલાં જનાવરોને ખ્રફ્સ્તર (ખ્રપ્શ=નુકશાન કરવું) કરી કેહવામાં આવ્યાં છે. વંદીદાદની ત્રીજી ફરગર્દ પ્રમાણે ખ્રપ્સ્તરોથી જમીનને ઘણી દલગીરી ઉપજે છે. એ ફરગર્દના ૧૦)માં ફકરામાં પુછેલા સવાલના જવાબમાં અહુરમજદ કહે છે કે "તે જગા (જમીનને ઘણી દલગીરી ઉપજાવે છે) તે છે કે જ્યાં અઙ્ગ્રેમઈન્યુશના પ્રાણીઓને છુપાઈ બેસવાની પુશકલ જગા હોય." વળી તે ફરગર્દના ૨૨)માં ફકરા પ્રમાણે જમીનને ખુશી કરનાર તે શખસ છે જે અઙ્ગ્રેમઈન્યુશના પ્રાણીઓને છુપાઈ બેસવાની જગાઓની ઘણી સંખ્યાનો નાશ કરે છે. ઉપલા બે ફકરાઓ પરથી માલમ પડેછે કે ફાડી ખાનારાં, દંખ દેનારાં અને બીજી રીતે મનુષ્યોને નુકસાન અને હેરાન કરનારાં જનાવરોને મારવાનું કામ સવાબી ગણાયે છે, કારણકે ખરાબીને ટાલવાનું અને ભલાઇનો વધારો કરવાનું ખુદ જરથોસ્તી ધર્મની નેમ છે. એ ખ્રફ્સ્તરોને મારી નાખતી વખતે નીચલી નીરંગ ભણવી જોઇએ.[1]

"શ્કનોમ,–વાનોમ,–નિજાર–કુનોમ–કાલ્બુદે–શુમા–દેવાન–વ–દ્રુજાત વ–ર્યાન–પ–હોમ–વ–બરસમ–વ–દીને–રાસ્ત–વ–દુરૂસ્ત–કે–મન–ચાશીદ."

અર્થ—હોમ તથા બરસમ તથા મને શીખાડેલી રાસ્ત દીનથી હું તમો દેવો તથા દેવીઓ અને જાદુગરો તથા દાકણોના શરીર ભાંગું છું, તોડું છું તથા મરણ પામેલાં કરે છું.

હવે એ ખ્રફ્સ્તરોમાંના એકનું મળતું વર્ણન નીચે આપીશું.

સાંપ.

એ નાશકારક અને ત્રાસદાયેક જનાવરને એક બુરાઈના મુલવાલી ચીજ તરીકે ગણવામાં આવેલું છે. એ ભંયકાર પ્રાણીના ગુણો જમ્યાદ યશ્તના ૪૧) માં ફકરામાં આપેલા છે:—જેણે (કેરેસાસ્પે) ઘોડાઓ, તથા માણસોને ગળી જનાર, ઝેરી લીલા, સ્રુવર સાંપને માર્યો, જેની પીઠ ઉપર અંગોઠા જેટલાં કદનું લીલુ ઝેર વેહેતું હતું, જેની પીઠ ઉપર કેરેસાસ્પે મધ્યાન બપોરને વખતે (ભુલથી) ખોરાક પકાવવા વાસણ મેલ્યું હતું. તે ઘાતકી રાક્ષસ દાઝી ગયો અને ફુંફારા મારવા લાગ્યો. તે

---

[1] અએવેત માદનનો વંદીદાદનો તરજુમો પાનું ૧૮૧ ફુટ નોટ ૩ જી.

વાસણ ઉપરથી દુર કુદી ગયો, ઉકલતું પાણી ઢોળાઇ ગયું અને મ
દાનગીભરી હિંમત ધરાવનાર કૅરૅસાસ્પ બીહીને પાછલ હઠયો. એ
મલતી કથા અરેબ્યન નાઈટ્સમાં ૭૧ મી રાતે જણાવવામાં આવે છે. એ
વાત મુજબ ખલાસીઓ એક ચોકસ જાતના મગરમછની પીઠને તાપુ
સમજી ભુલથી તેની ઉપૂર ઉતારો કરી પોતાનો ખોરાક પકવે છે, પણ
ગરમીથી તે રાક્ષસ જાગૃત થઈ નાહાસવા માંડે છે અને સાથે તે ખલા-
સીઓને ઘસડી જાયે છે.

વળી ઘણીક અસલી પ્રજાઓના ધર્મમાં સાંપ મુખ્ય ભાગ બજાવતો
દેખાયે છે. કેટલીક પ્રજાઓ તેને લુચાઈ, ઠગાઇ અને પાપીપણાની ની-
શાની દાખલ ગણતી હતી. ખ્રીસ્તીઓની બાઈબલમાં પણ સાંપને ફસાવ-
નાર તરીકે જણાવેલો છે. તેણે 'ઈવ'ને મના કીધેલાં જ્ઞાનના ઝાડનું
ફળ ખાવા સમજાવી હતી અને તેણી ખોદાના કેહેરમાં આવી પડી હતી.[1]

પણ એથી ઉલટું ઇજીપશીયનો અને રોમનો તો તેને એક ફલદ્રુપ-
પણું લાવનારી સારી શકતિ તરીકે પુંજતા હતા, અને ગ્રીક તથા રોમન
લોકો તો તેની મૃતી બનાવતા હતા. રોમન લોકો તેને દુખ દરદ સાફ
કરનાર સમજતા હતા અને હાલના વખતમાં પણ મોંઢામાં લીધેલી પુછડી-
વાળાસાંપને તેઓ અમર્ગીની ઇધાની તરીકે સમજે છે. સ્કૅનડીનેવીયનોની
દંતકથામાં સાંપને માણસોના હવસોની નીશાની તરીકે ઓલખવામાં આ-
વતો હતો વલી ઘણાજ અસલના વખતનાં ખ્રીસ્તીઓની એક ટોળી સાંપની
પુંજા કરતી હતી, અને તે 'Ophites'ને નામે ઓલખાતી હતી.[2]

એ સાંપ ઉપરાંત વરૂ, વાદરાં, રીંછ, દેડકો, કીડી ઈત્યાદી જનાવરોને
હેરેમનની પેદાસ ગણેલી છે. તેઓ વિષે ઘણું જાણવા જેવું વરણુન
મળતું નથી.

પ્રકરણ ૭ મું.

કેટલાંક વિચીત્ર પ્રાણીઓ.

ઉપર જણાવેલાં જનાવરો સીવાય બીજાં થોડાંક નવાઈ જેવા જના-
વરો વિષે કેટલુંક વર્ણન પેહલવી કેતાબોમાં મળે છે તે નીચે પ્રમાણે છે.

---

૧. જુઓ જીનીસીસ પ્રક૦ ૩. ફકરા ૪—૫.
૨. Dr. Brandes Dic of Sc Lit and Arts Page 1105 Serpent.

ત્રણ પગવાલું ગધેડું.

એ અજબ જેવું પ્રાણી ત્રણ પગ, ૬) આંખ ૯)મોંઢા, બે કાન અને એક શીંગડું ધરાવે છે. તેનું શરીર સફેદ છે અને તે મીનોઈ ખોરાકપર જીવે છે.[૧] એ ગધેડા વિષે મીનોઈ ખેરદમાં કહેલું છે કે તે 'વોઉરૂકશ' દરીઆની વચ્ચોવચમાં બેસે છે અને દરેક જાતના આવતાં ગદળાં પાણીને સ્વચ્છ અને પવિત્ર બનાવે છે.[૨]

ગોપતશા.

એ 'ખનીરથ'ના મુલકમાં વસે છે. તે પગથી તે કમ્મર સુધી બલદના આકારનો છે અને કમ્મરેથી માથાં સુધી માણસના આકારનો છે તે હમેશાં પવિત્ર આત્માઓની આરાધના કર્યા કરે છે અને દરીઆમાં પવીત્ર પાણી રેડે છે કે જેથી દરીઆમાંના નાશકારક અસંખ્ય પ્રાણીઓનો નાશ થાયે છે નહીં તો તેઓ વરસાદ સાથે જમીનપર વરસતે.[૩]

એ ઉપર જણાવેલા રાક્ષસી જનાવરો હોરમજ્દની બાજુના છે ત્યારે 'સ્ત્રવર' સાંપ જેને કેરેસાસ્પે માર્યો હતો અને 'કપોડા' નામનું વરૂ અને 'કામક' નામનું પક્ષી અહ્‌રેમઇન્યુશની તરફના છે.

જોકે એઓને કેતાબોમાં તો જનાવર તરીકેજ સમજાવવામાં આવ્યાં છે તોપણ ઘણાંકો તેમને ખરેખરાં જનાવરો સમજવાને ના પાડે છે, પણ આકાશી દેખાવોને એવાં કલ્પીત રૂપો આપવામાં આવ્યા છે એમ ધારે છે. એ જનાવરો ઉપરાંત આગલ વર્ણવેલાં સીમોર્ગ, કરશીપ્ત, કરમાહી ઈત્યાદીને પણ ખરેખરાં જાનવરો તરીકે માનવાને કારણ નથી પણ તેઓ એક અથવા બીજી રીતે ખુદરતી દેખાવો અને ખુદરતી બનાવો દેખાડવાને વપરાયેલાં હશે, તો જોકે એવાં વિચિત્ર અને આપણી સાધારણ સમજ શકતિ પણ કબુલ નહી કરે એવાં પ્રાણીઓ હજી પણ આ પૃથવી ઉપર વસે છે એમ નીચલી બીના ઉપરથી ધારી શકાયે છે.

સર રીચરડ. એ. પ્રૉકતર પોતાની 'Nature studies' નામની ચોપડીમાં 'અજાયેબ જેવાં દરીઆઇ રાક્ષસો' એવાં મથાલા હેઠલ નીચલી બીના જણાવે છે.

---

૧ જુઓ બુનદેહેશ પ્રકરણ ૧૯ મું.

૨. જુઓ મીનોઇ ખેરદ પ્રકરણ ૬૨ ફ. ૨૬.

૩. મીનોઇખેરદ પ્ર૦ ૬૨. ફકરા ૩૫—૩૬.

એક વખત લીવરપુલની પોલીસ કોર્ટમાં ‘ પોલાઇન ’ નામના વહાણના કપતાને સોગંદ ઉપર જુબાની આપી હતી કે તેના દીઠામાં એક રાક્ષસી કદનો સાંપ અને એક મોટી મગરમચ્છની ઝપાઝપી આવી હતી. તે સાંપની માથા અને પુછડીની લંબાઇ આસરે ૩૦) ફીટની હતી, અને તે ૮ થી ૯ ફીટના ઘેરાવામાં તે મગરમચ્છની આસપાસ વિંટલાયેલો હતો, અને તેણીને દરીયાના ગારમાં ઘસડી ગયો હતો. સાધારણ મગરમચ્છની લંબાઈ ૭૦) ફીટની ધારવામાં આવે છે ત્યારે જે પ્રાણી એવાં મોટા પ્રાણીને ઘસડી જાયે તે કેવું રાક્ષસી હોવું જોઈએ.[1]

વળી એ બનાવ પછી પાંચ દહાડામાં તે કપતાનને દરીઆમાં ૬૦) ફીટ ઉંચે ઉભો થયેલો એક સાંપ દેખાયો હતો.

વળી સને ૧૮૭૮[2]માં શેંગાઈના બંદરમાં લંગરવાર થયેલા વહાણ ‘નેસ્તર’ના કપતાને તે જગ્યાની વડી અદાલતના અંગ્રેજી લૉ સેક્રેતરી આગલ સોગંદપર જુબાની આપી હતી કે તેના દીઠામાં તા૦ ૧૫ મી સ્પતેમ્બરે એક રાક્ષસી કદનો દેડકો આવ્યો હતો. તેની પુછડીની લંબાઇ ૧૫૦) ફીટ હતી. તેનું માથું ૧૨)ફીટ લાંબુ અને પાણીથી ૬ ફીટ ઉંચું હતું તેનું શરીર ૪૫ થી ૫૦ ફીટ લાંબું અને ઇંડાના આકારનું હતું તે જોકે કલાકના દસ નોટ પ્રમાણે હમારી સાથેનો સાથે ચાલતો હતો તોપણ તેની ચાલ ઘણીજ ધીમી લાગતી હતી.

એ ઉપલા હેવાલ પરથી માલમ પડે છે કે હજુર પણ કેટલાંક નહી જણાયેલા કદના જનાવરો હૈયાતી ભોગવે છે ત્યારે મી૦ પ્રૉકતર જેવા વિદ્વાનના બોલોમાંજ બોલ્યા વગર ચાલતું નથી કે “આપણી ફીલસુફીમાં જણાયેલી ચીજો કરતાં દરીઆ, આકાશ અને પૃથ્વીપર ઘણી વધુ ચીજો છે.”[3]

પ્રકરણ ૮ મું.

અવસ્તા જમાનાની પ્રાણી વિધ્યાની હદ

આગલા સફાઓમાં આપેલાં જનાવરો, પક્ષીઓ અને માછલીઓના થોડાઘણા વર્ણનપરથી તે જમાનામાં કેટલો અને કેવો જાનવરી વિધાનો

---

૧. Nature Studies Page 76.

૨. Nature Studies Page 95.

૩. જુઓ એ વિદવાનની Nature Studies Page 96.

અભ્યાસ થયો હતો તે નક્કી કરવું ઘણુંજ ગુચવણભર્યું થઇ પડશે કારણકે તે જમાનાની હાલમાં બચી રહેલી થોડીક કેતાબોમાં અહિતહીં વીખરાઈ ગયલા કેટલાક ફકરાઓ ઉપરથી એ જાનવરી વિદ્યા કાંઈ ઘણા સરસ પાયા ઉપર તે જમાનાના લોકોને જાણીતી હોય એમ દેખાતું નથી. એ કેતાબોપરથી ઉપજાવી કાઢેલા આપણા હેવાલોપરથી એટલું જાણવાને બની આવે છે કે તે વખતમાં જનાવરોની કેટલીક દેખઇતી ખાસ્યતો, તેમના દેખઇતા ગુણો ઇત્યાદી ઉપરથી તે જનાવરોને કેટલાક ભાગોમાં વહેંચેલા હતા ખરાં પણ તે વખતના વિચાર પ્રમાણે તેમનો કેટલો અને કેવો ઉપયોગ કરવો અને તેઓ મનુષ્યોને કેમ અને કેવી રીતે ફાયદાકારક કે નુકશાન કારક હતાં એટલું જાણવા સીવાયે તે વખતના લોકોને કંઇ એ વીધ્યાને એક વિદ્યા તરીકેજ ખીળવવાની જોગવાઇ હતી નહીં કારણકે આપણને ખબર છે કે અવસ્તા જેવા પુરાતમ વખતમાં બલકે તેથીબી ઘણાજ નજદીકના વખતમાં વાહાડકાપની વિદ્યાનુ જ્ઞાન (knowledge of anatomy) ઘણું જણાયેલું ન હોવાથી તે વખતના વિદ્વાનો જાનવરી વિદ્યાને જેવા જોઇએ તેવા સારા પાયા ઉપર મેળી શકયા ન હતા તો જોકે તેઓએ એ વિધ્યાનો પાયો તો નાખ્યોજ હતો જે ઉપરથી તેમની પાછલ આવનારાઓ પોતાના વધતા જતાં ખુદરતી જ્ઞાનથી એ વિધ્યાને ઘણાજ સંપુર્ણ પાયાપર લાવી શકયા છે. એ વિચારો આપણે હાલમાં બચી રહેલી અવસ્તા કેતાબોને આધારે આપીએ છીયે પણ જો આપણી ૨૧) નુસકો બચી હતે તો ખચીત એથી વધારે અને ખાતરી પૂર્વક અજવાળું એ બાબદપર નાખી શકાતે. પણ જ્યારે આપણે એ જાનવરી વિધ્યા (Science of Zoology) ની તવારીખપર નેગાહ કરીએ છીએ ત્યારે માલમ પડે છે કે એ વિધ્યાનો વધારો અને સંપુર્ણતા તો હાલના વખતનીજ છે કારણકે Lempriere નામનો ખુદરતી વિદ્યાનો વિદ્વાન ૧૮૩૦ માં આપેલાં પોતાના ભાષણોમાં નીચે પ્રમાણે જણાવે છે:—

“(એરીસટોટલની જનાવરોને) વર્ગોમાં વહેચી નાખવાની રીત સતરમી સદીની આખેરી સુધી ચાલુ હતી ત્યાર પછી વાહાડકાપની વિદ્યાના વધારા અને જનાવરોની અંદરની તેમજ બહારની બાંધણી ઉપરથી જાનવરી વિદ્યાને સુધરેલા પાયાપર મુકવાની એરીસટોટલની ભલામણ ઉપરથી તેમજ જુદી જુદી જાતના જનાવરોમાં કલેજાં અને દીલના ફેરફારો જોવાથી આપણા વખણાયેલા સ્વદેશી રેએ અવ્યયોના ફેરફાર ઉપર

રચેલી એક નવી ગોઠવણ ઘડી કાઢી જે લીનીઅસ (Linnœus) ના વખત સુધી ચાલુ રહી હતી, જેણે વલી એરીસટોટલ અને રેના વર્ગો ઉપર સુધારો કરીને જાનવરી વિદ્યાનો એક કોઠો ઘડી કાઢયો જે કુવીયર અને બ્લુમેનબેક વિદ્વાનોના કેટલાક ફેરફારો પછી હાલના વખત સુધીની ચાલુ રીત તરીકે ગણાયેછે."[1] એજ પ્રમાણે બ્રીટીશ એનસાઈકલોપીડીયામાં આપેલા નીચલા હેવાલપરથી જણાય છે કે જાનવરી વિદ્યાનો વધારો ઘણોજ ધીમો હતો અને ચાલુ સદીના વિદ્વાનોના નસીબમાં એ વિદ્યાપર પુરતું અજવાલું પાડવાનું હશે એટલે અવસ્તા જેવા જમાનામાં એ વિદ્યાનું પુરતુ જ્ઞાન કયાંથી હોયે.

"સોલમી સદીમાં જાનવરી વિદ્યાની ખરેખરી શરૂઆત થઈ હતી. જાનવરી વિદ્યાની એક ખુદરતી વિધ્યા તરીકેની તવારીખ છેલ્લી ત્રણ સદીઓમાં આવેલી છે; અને જોકે જુદી જુદી જાતના જનાવરો વિષે અસલના વખતમાં ચાલતી તર્કો અને કાહાણી કીસ્સાઓ મનુષ્ય જાતના મનની ખીલવણીની તવારીખ તરીકે અભ્યાસની એક ઘણોજ અગત્યની બાબદ પુરી પાડે છે તોપણ ખુદરતી વિધ્યાને આધારે રચાયેલી જાનવરી વિધ્યાની તવારીખ સાથે તેઓ મુદલ તાલુકો રાખતાં નથી."[2]

"ઓગણીસમી સદી સુધી 'માઈક્રોસ્કોપે' (સુક્ષ્મદર્શક યંત્ર) જાનવરી વિધ્યા માટે છેલ્લાંમાં છેલ્લી અને ઘણીજ અગત્યની સેવા બજાવી નથી. જાનવરી વિધ્યાને ખુદરતી વિધ્યાના પાયા ઉપર રચવાને દારવીનના નસીબમાંજ લખેલું હતું."[3]

હવે વિદ્વાનોના ઉપલા મતો ઉપરથી વિચારી શકાયે છે કે અવસ્તા જમાનાના લોકોને જાનવરી વિધ્યાનું પુરતું જ્ઞાન ન હોય તેમાં અજબ થવા જોવું કાંઈ નથી; પણ ખુશી થવા જેવું એ છે કે તે વખતમાં જનાવરો તરફ પુરતો પ્યાર અને માન દેખાડવામાં આવતું હતું એટલુંજ નહી પણ તેઓનો ઘટતો ઉપયોગ કરવામાં આવતો હતો અને તેમની જુદી જુદી રીતભાત, ખાસ્યતો વગેરેનો બનતો અભ્યાસ કરવામાં આવ્યો

૧. જુઓ Lempriere's lectures on Natural History sec. Edition p. 103-4

૨. જુઓ Zoology by Professor E. Ray Lankester in the Ency: Brittanica Vol. XXIV Page 800.

૩. જુઓ Zoology by Professor E. Ray Lankester in the Ency Britanica Vol. XXIV Page 801.

હતો. વલી એ મુંગા [1]પશુઓ તરફ દયા, માન અને ચાહા દેખાડવામાં આવતો હતો એટલુંજ નહી પણ તેમ કરવાને ખુદ ધર્મના ફરમાન તરીકે સમજવામાં આવતું હતું, તેટલાંજ માટે એ મુંગા પ્રાણીઓને જેમ બીજી કોમોમાં થતું તેમ ધર્મને બહાણે રહેંસીનાખવામાં આવતાં ન હતાં. એવી રીતના માન અને ચાહથી એ પ્રાણીઓની બરદાસ લેવાતી હતી તે ઉપરથી કેટલાક યુરોપીઅન વીદ્વાનો ધારે છે કે અવસ્તા જમાનાના લોકો તો જાનવરી પુજાં તરફ ઢલતા (Zoolatry) સહેજમાં બચી ગયા હતાં,[1] પણ એ વિચારને અવસ્તા પુસ્તકોમાંથી સીધા કે આડકતરા ઈસારાઓ ટેકો આપી શકતા નથી એજ એવા વિચારોનું બીહુંધાપણું દેખાડવાને બંસ છે. હવે આપણે જાનવરી વિદ્યાનો અભ્યાસ કરવાનું અને જનાવરોની બાંધણી, ગુણો, ઉપયોગ ઈત્યાદી વિષે જ્ઞાન ધરાવવાનું કેટલુ ખુશી ઉતમ કરનારૂં બલકે તે કરીમેકારસાજ વિષે કેટલો ગંભીર ધોર કરવાની તક આપનારૂં છે તે વિષે એક જરમન વિદ્વાનના નીચલા બોલો ઉતારી લઇ એ બાબદ ખતમ કરીશું.[2]

Of all parts of nature the animal kingdom presents us with the most curious subjects of investigation; and to the lover of natural history, the different instincts, with which animals are endowed, form a highly interesting study. To a reflecting mind it is not merely a pleasing amusement; the properties of animals cause us to look up to a wisdom which we cannot penetrate and which surpasses all human conceptions.

૧. જુઓ દારમસ્ટેટરનો વંદીદાદના તરજુમાનો દીબાચો.
૨. Strum's Reflections on the works of God Page 308.

સમાપ્ત.

અવસ્તા તથા પેહલવી કેતાબોમાં મલતા જનાવરો, પક્ષીઓ અને માછલીઓનો કોઠો, અને તેઓ વિષે કેઇ કેઇ કેતાબોમાં વર્ણન મલે છે તેનું સાંકલ્યું.

[illegible]	ઘોડો	યસ્ન હા૦ ૧૧ ફ૦ ૨, હા૦ ૫૭ ફક. ૨૮, યશ્ત આવા ૫ક. ૬, ૨૧, ૮૬. અષિ ફક, ૧૨. મેહેર ફક. ૩, ૧૧, ૧૧૯. બેહેરામ ફક. ૩૧. તીર ફક. ૧૯. ફરવરદીન ફક. ૫૨. વીસ્તાસ્પ ફક. ૩૪. વંદીદાદ ફર્ગ. ૭ ફક. ૪૨. બુનદેહેશ પ્ર. ૧૪, ફક. ૧૮.
[illegible]	ગધેડું	યસ્ન હપતંગાઈતી હા. ૪૨, ૫ક. ૪ વંદીદાદ ૫ર્ગ. ૭, ફક. ૪૨, બુનદેહેશ પ્ર. ૧૪ ફક. ૧૮.
[illegible]	ઉંટ	વંદીદાદ ૫ર્ગ. ૭. ફક. ૪૨. બેહેરામ યશ્ત ૫ક. ૧૧, ૧૨. બુનદેહેશ પ્ર. ૧૪ ફક. ૭, ૮.
[illegible]	કુતરો	વંદીદાદ ફર્ગ. ૫, ફક. ૨૯, ૩૦, ૩૨, ૩૩, ૩૪. ફર્ગ. ૭. ફક. ૩. ફર્ગ. ૮, ૫ક. ૧૪-૧૮. ૫ર્ગ, ૧૩ ફક. ૧-૪, ૭, ૨૪, ૨૮, ૨૯-૩૩, ૩૫, ૩૮, ૩૯, ૪૦, ૪૪-૪૮ ૫૧, ૫૨, ૫ર્ગ. ૧૪ ફક. ૧-૧૮. બુનદેહેશ પ્ર૦ ૧૪, ૫ક. ૨૮. શાયેસ્ત લાશાયેસ્ત પ્ર૦ ૨ ૫ક. ૧-૩, ૫૬, ૬૩, ૬૬, ૭૧, ૮૪, ૮૫, પ્ર૦ ૧૦ ફક. ૧૦, ૧૨, ૩૨, ૩૩ દાદસ્તાને દીની પ્ર૦ ૧૭, ૫ક. ૨૦ પ્રક. ૧૮, ફ૦ ૨, પ્રક. ૭૦ ૫૦ ૨, ૭, ૮.

[illegible]	•મેંઢુ	બુનદેહેશ• પ્ર૦ ૧૪. ફ્રક. ૧૫.
[illegible]	બકરૂં	બુનદેહેશ પ્ર૦ ૧૪, ફ્રક. ૧૫. પ્રક. ૧૫, ૫ક. ૧૦
[illegible]	ગાયે	ગાથા અહુનવદ હા૦ ૨૯, યશ્તતીર ફ્રક. ૧૬, મેહેર ૫ક. ૧૧૯ વંદીદાદ ફ્રર્ગ. ૯, ફ્રક. ૬.
[illegible]	કુક્કર	યશ્ત મેહેર ફ્રક. ૭૦, બેહેરામ ફ્રક. ૧૫.
[illegible]	દેડકો	વંદીદાદ ફ્રર્ગ. ૫, ૫ક. ૩૬, ફ્રર્ગ. ૧૪ ફ્રક. ૫. બુનદેહેશ પ્ર૦ ૧૮ ફ્રક. ૨.
[illegible]	સ્રવર (સાંપ)	યશ્ત જમ્યાદ ફ્રક. ૪૧. મીનોઈખેરદ પ્ર૦ ૨૭ ફ્રક. ૫૦
[illegible]	અમરૂ (પક્ષી)	યશ્ત ફ્રરવરદીન ૫ક. ૧૦૯ રશનું ફ્રક. ૧૮.
[illegible]	ચમરૂ (પક્ષી)	બુનદેહેશ પ્ર૦ ૨૭ ૫ક. ૨. પ્ર૦ ૧૯, ૫ક. ૧૫. મીનોઈખેરદ પ્ર૦ ૬૨ ૫ક. ૩૭ ને ૪૨.
[illegible]	ઘુવડ	વંદીદાદ ફ્રર્ગ. ૧૮ ફ્રક. ૨૬ બુનદેહેશ પ્ર૦ ૧૯, ફ્રક. ૧૯.
[illegible]	કરશીપ્ત નામનું પક્ષી	વંદીદાદ ફ્રર્ગ. ૨, ૫ક. ૧૩૯ બુનદેહેશ પ્ર૦ ૧૪, ૫ક. ૨૩, પ્ર૦ ૨૪, ફ્રક. ૧૧, પ્ર૦ ૧૯ ૫ક. ૧૬. મીનોઈખેરદ પ્ર૦ ૬૧. ફ્રક. ૯.
[illegible]	કહેવાતું ગરૂડપક્ષી	યશ્ત બેહેરામ ૫ક. ૧૯, ૯, ૩૫.
[illegible]	સીમૃગ	યશ્ત બેહેરામ ફ્રક. ૪૧, બુનદેહેશ પ્ર૦ ૧૪, ફ્રક. ૧૧, ૨૪. પ્ર૦ ૨૪. ફ્રક. ૧૧, જાદસ્પ્રમ પ્ર૦ ૮ ફ્રક. ૪. મીનોઈખેરદ પ્ર૦ ૬૨ ફ્રક. ૧૦, ૧૧. ૩૭, ૪૦.

[illegible]	મરઘો	વંદીદાદ ફર્ગ. ૧૮, ફક. ૧૪. ૧૫, ફર્ગ. ૧૮ ફક. ૧૬, બુનદેહેશ પ્ર૦ ૧૯, ફક. ૩૩. શાયેસ્ત લાશાયેસ્ત પ્ર૦ ૧૦ ફક ૯.
[illegible]	ગીધ	વંદીદાદ ફર્ગ. ૩. ફક. ૨૦. ફર્ગ. ૯ ફક. ૪૯. બુનદેહેશ પ્ર૦ ૧૪. ફક. ૨૩, પ્ર૦ ૧૯, ફક. ૨૫, ૩૧.
[illegible]	કામક (પક્ષી)	મીનોઇખેરેદ પ્ર૦ ૨૭ ફક. ૫૦
[illegible]	બાજપક્ષી	બુનદેહેશ પ્ર૦ ૧૪ ફક. ૩૦.
[illegible]	એક જાતનું વરૂ	મીનોઇખેરદ પ્ર૦ ૨૭ ફક. ૫૦.
[illegible]	પાણીમાં રહેનારી બીલાડી (otter)	વંદીદાદ ફર્ગ. ૧૩ ફક. ૫૧, ૫૨ તથા ફર્ગ. ૧૪, ફક. ૧-૧૮.
[illegible]	એક જાતનો બલદ	બુનદેહેશ પ્ર૦ ૧૯, ફક. ૧૩, પ્ર૦ ૩૦ ફક. ૨૫.
[illegible]	પેહેલો ગોધો	બુનદેહેશ પ્ર૦ ૩ ફક. ૧૪, ૧૭, ૧૮ પ્ર૦ ૪ ફક. ૧, ૨, પ્ર૦ ૧૦ ફક. ૧, પ્ર૦ ૧૪ ફક. ૧,૩. પ્ર૦ ૨૭ ફક. ૨ પ્ર૦ ૩૪ ફક. ૧, જાદસ્પ્રમ પ્ર૦ ૨ ફક. ૬, દાદસ્તાને દીની પ્ર૦ ૩૮ ફક. ૩૦, ૪૬ પ્રક. ૬૯ ફક.૨,૩

[illegible]	‘કુર’માહી	વંદીદાદ ફર્ગ. ૧૯ ફક. ૩, ૪૨, યશ્ત બેહેરામ ફક. ૨૯; દીન ફક. ૭. બુનદેહેશ પ્ર૦ ૧૮, ફક. ૩-૬ પ્રક. ૧૪ ફક. ૨૬, ૧૨, મીનોઇ ખેરદ પ્ર૦ ૬૨ ફક. ૯, ૩૦,
[illegible]	પાંચસો ભીંગડાવાલી માછલી	બુનદેહેશ. પ્ર૦ ૧૮. ફક. ૭-૮.
[illegible]	અરીઝ માછલી	બુનદેહેશ પ્ર૦ ૧૪ ફક. ૨૬ પ્ર૦ ૨૪ ફક. ૧૩.
[illegible]	ફાડી ખાનારા ખરફસ્તરો	વંદીદાદ ફર્ગ. ૩, ફક. ૧૦, ૨૨.
[illegible]	ત્રણ પગવાલું ગધેડું	બુનદેહેશ પ્ર૦ ૧૯. ફક. ૧-૧૨.
[illegible]	ગોપતશા	મીનોઈખેરદ પ્રક. ૬૨. ફક. ૩૫-૩૬